પ્રકાશક,
પંડિત બેચરદાસ જીવરાજ દોશી
ભાસ્તીનિવાસ સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ.

૧૯૩ •-૮-• ૧૯૯૨

મુખ્ય એજંટ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તા, અમદાવાદ

મુદ્રક
[illegible]
[illegible]
[illegible]

સમર્પણ

સહચારિણી
સૌ૦ અજવાળીને

નિવેદન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી શ્રીમંત પતિતપાવન મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઈ, જી. સી. આઇ. ઇ. એલ એલ. ડી. એઓશ્રીએ કૃપાવંત થઈ બે લાખ રૂપિયાની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજ માંથી "શ્રી સયાજી બાલજ્ઞાનમાળા" રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરવામાં આવે છે.

તદનુસાર આ 'હેમચંદ્રાચાર્ય' નું પુસ્તક રા. પંડિત બેચરદાસ જીવરાજ દોશી એમની પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે; અને તે ઉક્તમાળામાં ૧૩૮ મા પુષ્પરૂપે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ભાષાંતર શાખા પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા તા. ૧-૬-૩૬.	મં. ૨. મજમુદાર. ભાષાંતર મદદનીશ.	ભા. કા. ભાટે. વિદ્યાધિકારી, વડોદરા રાજ્ય

ખુલાસો

[૧]

અહીં લખવાની વાત થોડી જૂની થઈ ગઈ છે પણ જણાવવી જરૂરી છે.

શ્રીમંત મહારાજાસાહેબે વિકસાવેલા વિદ્યાપ્રેમના ફલરૂપ વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરની ભાષાંતર શાખા તરફથી ૧૯૩૨ના નવેંબરની ૧૯મી તારીખે મારા નામ ઉપર એક પત્ર અમદાવાદ પુરાતત્ત્વ મંદિરને સરનામે આવેલો. એ પત્ર પહોંચ્યો ત્યારે હું ઘરમાં ન હતો. પણ નામદાર બ્રિટિશ સરકારની મહેમાનગીરી ભોગવી તાજો જ બહાર આવેલો અને સ્વાસ્થ્ય મેળવવા સીધો જ મારા વતનમાં પહોંચી ગએલો. મારું કુટુંબ મારી સાથે રહેવા આવ્યું ત્યારે તે પત્ર મને હાથોહાથ મળી ગયેલો. એ વખતે કાંઈ લખી કે વાંચી શકાય તેવું મારું સ્વાસ્થ્ય ન હતું. બૌદ્ધિક કામ કરવાની જે શક્તિ ગુમાવેલી તે હું ઘણે લાંબે વખતે પાછી મેળવવા નસીબવાન થયો. એ દરમિયાન ભાષાંતરશાખાના પ્રેમાળ સજ્જનોએ મને ઉક્ત પત્રની યાદ આપી પૂછાવેલું

કે 'તમને જે કામ સોંપવામાં આવ્યું છે તે ક્યાં સુધીમાં થઈ શકશે?' એનો ઉત્તર આપતા પહેલાં કેટલીક આવશ્યક પ્રવૃત્તિઓ માટે મારે પ્રવાસ કરવો પડેલો અને તે દરમિયાન 'મને સોંપેલું કામ થોડા વખતમાં કરી આપીશ, મને જે મુદત આપી છે તેમાં વધારો કરવા કૃપા કરશો' એવો ઉત્તર ભાષાંતર શાખાના કાર્યવાહક સજ્જનોને આપેલો. વળી પાછું શારીરિક પરિસ્થિતિ અને બીજી કેટલીક અગવડોને લીધે એ કામ મોડું પડ્યું. છેવટે એવું ઠર્યું કે ૧૯૩૪ના જૂન સુધીમાં મારે એ કામ કરી જ આપવું. જે સજ્જનોએ મારે માટે આ જાતનું નિશ્ચયાત્મક પ્રતિબંધન મૂક્યું તે બદલ તેમનો મારે આભાર જ માનવો ઘટે છે. એ પ્રતિબંધનને લીધે જ હું [illegible] આ કામ ઉપસ્થિત કરી શક્યો છું.

બાળકો જેને સારી રીતે વાંચી સમજી શકે એવી શ્રીહેમચંદ્રાચાર્યની કથા મારે લખવાની હતી. તે ઉપરાંત જે પુસ્તક બાળકો આ કથા વાંચવાના છે તે પુસ્તકનું વાતાવરણ પણ મારે ધ્યાનમાં રાખવાનું હતું. વળી, એ વાતાવરણ ધ્યાનમાં રાખતા પણ મારે આચાર્ય હેમચંદ્રની [illegible] લખવાની હતી. [illegible]

આચાર્ય હેમચંદ્રનું જીવન માનવસ્વભાવને અનુરૂપ જ હતું અને તેને આ કથામાં તે રીતે જ ગોઠવવામાં આવ્યું છે. પ્રભાવકચરિત્રમાં અને પ્રબંધચિંતામણિમાં હેમચંદ્રની કથા વીગતથી વર્ણવેલી છે. એ ઉપરાંત ઉપદેશતરંગિણીમાં પણ તેમની કથાનો અગત્યનો ભાગ લખાએલો છે. આ બધાનો આધાર લઈ આ કથાનું વસ્તુ ગોઠવેલું છે.

આચાર્યે રાજાને રાજધર્મનો જે ઉપદેશ કરેલો છે અને અહિંસાને લગતી જે સમજણ આપેલી છે; તે બધું તે તે પ્રબંધોમાં આજે પણ વિદ્યમાન છે. તેને અહીં આપતાં ફક્ત ભાષા અને તેની સંકલના જ બદલેલી છે.

આ કથામાં આપેલી હકીકત શુદ્ધ ઇતિહાસ નથી; પણ હેમચંદ્રના ઐતિહાસિક વૃત્તાંતની ભીંત ઉપર જ તેને ચીતરવામાં આવી છે એમાં કશી શંકા નથી. કથામાં શુદ્ધ ઇતિહાસનો જ માત્ર ઉપયોગ જરૂર કરી શકાત પણ બાળ-વિજ્ઞાનમાળામાં એ આપવાની છે એથી બીજા ઉતારા, સાલવાર પ્રવૃત્તિના આંકડા અને તેને લગતા બીજાં સંસ્કૃત પ્રાકૃત ઉલ્લેખો વગેરે કશું મૂક્યું નથી. અને એટલા પૂરતી જ તે શુદ્ધ ઇતિહાસરૂપ નથી એમ સમજવાનું છે.

આ કથા લખવાનું કામ જ્યારથી મને સોંપાયું ત્યારથી આજ સુધીમા લગભગ ચોવીશ માસ વીતી ગયા. ખરી રીતે ચોવીશ દિવસમા લખી શકાય એવી આ કથા છે; પણ શારીરિક અગવડ અને બીજી અનેક બાધક પરિસ્થિતિઓમાં સપડાએલો હોઈ આ કામ માટે આટલો બધો વિલંબ થઈ ગયો છે.

આ નજીવી પ્રવૃત્તિ માટે આટલો લાંબો સમય વહી જતાં પણ પ્રાચ્યવિદ્યામંદિરના આચાર્યશ્રીએ અને ભાષાંતર શાખાના પ્રધાન કાર્યવાહકોએ મારા તરફ જે પ્રેમદૃષ્ટિ બતાવી છે તે હું કદી પણ ભૂલી શકું એમ નથી. એમના એ અસાધારણ ઔદાર્ય માટે એ બધા મહાશયોનો અહીં હું પુનઃ પુનઃ આભાર માનવો ઉચિત સમજું છું.

નામદાર શ્રીમંત ગાયકવાડ સરકારે પોતાની પ્રજાને પોતે સાધેલાં વિદ્યાભ્યાસંગનાં ફળો ચખાડવા જે અનેક સંસ્થાઓ સ્થાપેલી છે તેમાંની આ એક ભાષાંતરશાખા પણ છે. તે દ્વારા ગુજરાતના કુમારકુમારીઓ અનેક પ્રકારનું જ્ઞાન સંપાદન કરી રહ્યાં છે.

ગુજરાતના એક મહાન સુધારક રાજવીની પ્રેરણાથી મહર્ષિઓની સંસ્થાદ્વારા ગુજરાતના એક મહાન ધર્મરાજવીની કથા ગુજરાતના કુમારકુમારીઓ સમક્ષ રજૂ થાય છે એ વિશેષ આનંદનો વિષય છે. આ માટે તે મહારાજાનું અને તેમને [illegible] સંસ્થાના કાર્યવાહકોનું ગુજરાત [illegible]

[illegible]

[illegible]

તેમાંથી રત્નો મેળવતા વહાણવટીઓની વાતો આપણા ભૂગોળના જ્ઞાનને વધારે ને વધારે ખીલવે છે. આપણાં ગોધન અને મામાળુ બેદુતોની નિર્દોષ કહાણીઓ આપણને અર્થશાસ્ત્રનો ખરો મર્મ સમજાવે છે. આછાં મલીર અને ભાતીગળ પટોળાં વણનારા આપણા ગભરુ વાંઝાઓની વણકરીની વાતો આપણી વસ્ત્રકળાની યાદ આપે છે. પ્રજાના કલ્યાણને માટે માથાનું સાટું કરનાર આપણા નીમકહલાલ સેવકોની સેવાકથનીઓ ખાંડાની ધાર જેવા સેવાધર્મની આપણને ઝાંખી કરાવે છે. અને લૂખુંસૂકું ખાઇ લોકસંગ્રહ કરનારા બ્રાહ્મણો, ધર્માચાર્યો અને સાધુસંતોએ અજમાવેલી પ્રજા કેળવવાની પદ્ધતિઓ આપણને કેળવણીની ખરી દિશા તરફ દોરે છે. આ દૃષ્ટિથી જ ભૂતાવળ જેવા પણ ભૂતકાળના બનાવોની મહત્તા છે. એથી આ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને આપણા નામદાર શ્રીમંત મહારાજાએ પોતાની ઉગતી પ્રજાને કેળવવા આ-કદમાં નાનીશી પણ કિંમતમાં હીરા જેવી અમૂલખ-બાળજ્ઞાનમાળાની યોજના કરેલી છે. આજે તેમાં એવા જ એક ગૂજરાતના આદર્શ ધર્માચાર્યનું ખરું વૃત્તાંત આપવાનું છે. ગૂજરાતી બાળકુમારો પોતાના દેશના એ આદર્શપુરુષનું વૃત્તાંત વિશેષ વહાલથી જ વાંચવાના !

[૩]

ગૂજરાતના બીજા કેટલાક આધુનિક ગ્રંથકારો શુદ્ધ અહિંસાનું સ્વરૂપ અને તેને લગતી બીજી અનેક મર્યાદાઓ સમજી શક્યા નથી, તેથી જ તેઓ એ સનાતન અને સર્વમાન્ય અહિંસાનો ટોળ કરવાનું પણ ચૂક્યા નથી.

વીરમતી નાટકના અને કર્ણઘેલાના વિદ્વાન લેખકે અહિંસાનો ટોળ કરી પોતાની સંકીર્ણદૃષ્ટિને જ સાબીત કરી આપી છે. જે હકીકત સર્વથા અશક્ય વા અસંભવનીય હોય તેનું શબ્દોમાં ચિત્ર આપવું એ, ઉદાત્તગ્રંથોમાં સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું છે. ઉદાર ગ્રંથકારોની એ, મર્યાદા બહારની પ્રવૃત્તિ છે.

કોઈ પણ તત્ત્વનો ટોળ કરવાથી તેનું મૂલ્ય ઘટતું નથી; પણ ટોળ કરનાર પોતાની ટોળી પ્રકૃતિનું મૂલ્ય આંકાવે છે. વેદકાળથી માંડીને જે જે ધર્મો વા સંપ્રદાયો નીકળેલા છે તેમાં શું કોઈ એવો ધર્મ કે સંપ્રદાય છે જે અહિંસાને પ્રથમપદ ન આપતો હોય ? અથવા અહિંસાનો ટોળ કરનાર વિદ્વાનો કોઈ નવા મહારકધર્મનું વિધાન કરે છે શું !

હેમચંદ્રને [illegible]

કેટલાક અંગ્રેજ લેખકો આપણી સંસ્કૃતિને સમજી શકતા નથી; તેમ તેમની પ્રત્યેક પ્રવૃત્તિમાં રાજકારણની દૃષ્ટિ વ્યાપેલી હોવાથી અને 'આપણા સમાજમાં ભેદ કેમ વધે ?' એ તેમની પ્રવૃત્તિનું મુખ્ય લક્ષ્ય હોવાથી તેઓ એવી એવી દંતકથાઓદ્વારા કેટલીયે નિરર્થક વાતો ચલાવ્યા કરે છે.

જેવું છે તેવું આચાર્ય હેમચંદ્રસૂરિનું આ આછું રેખાદર્શન સાધાર દોરવામાં આવેલું છે, તે સૌના ભ્રમ ટાળો અને સૌને સાચી પ્રેરણા આપો.

અમદાવાદ, અક્ષયતૃતીયા
૧૯૯૨

બેચરદાસ

અનુક્રમ

[illegible]

[illegible]

ગુજરાતનો ધર્માચાર્ય

હેમચંદ્ર

૧

ગૂજરાત

ગૂજરાતનું ગૌરવ હવે તો કોઈથી અજાણ્યું નથી. ગૂજરાતની રોગહર અને બલપ્રદ વનસ્પતિઓ, ભાદર, સાબરમતી, મહી, નર્મદા અને તાપી જેવી મોટી મોટી નદીઓ, સંજીવની જડીબુટ્ટીઓ અને અનેકવિધ ખનિજ પદાર્થોના અખૂટ ભંડાર રૂપ ગિરનાર, બરડો, શેત્રુંજો અને આબુ જેવા પહાડો ગૂજરાતની અચળ–શાશ્વત–સમૃદ્ધિ છે.

ગૂજરાતની લીલી વાડીઓમાં કેકા કરતા કલાપી–મયૂરો કોના હૃદયને હરતા નથી ? આબુનું વસ્તુપાળનું

જિનાલય, સિદ્ધપુરનો રુદ્રમાળ, મોઢેરાનું સૂર્યમંદિર, પાટણ અને ખંભાતના પુસ્તકભંડારો, અમદાવાદના પ્રસિદ્ધ મકરબા, મસજિદો અને પેલી ચમત્કારિક કોતરણીવાળી જાળીઓ, પ્રભાસપાટણનું પ્રસિદ્ધ શિવાલય તથા લાકડા ઉપરનું અદ્ભુત શિલ્પકામ એ બધું ગૂજરાતના ભૂતકાળને વધારે ને વધારે ઊજળો બતાવે છે.

વિશાળ ભાલ જેવા 'ભાલ'

એવા આ ગૂજરાતમાં માનવના વિશાળ ભાલ જેવો ભાલ પ્રદેશ સુવિખ્યાત છે. ખંડવાને માટે એવા ભાલના ઘઉં કોણ નથી જાણતું? ચોમાસામાં એ પ્રદેશ કેમ જાણે કોઈ નવો મહાસાગર ઉમટ્યો ન હોય એવો જલમય થઇ જાય છે. ભાલનો એ પ્રાકૃતિક જલપ્રવાહ વૈજ્ઞાનિક શોધકોને પણ બુઝાં બનાવી તેની નિશંકતા માગીન કરતો હસતો જણાય છે.

ભાલપ્રદેશ આપણા ભાલપટ જેવો સપાટ છે, તેથી ત્યાં [illegible] નદીઓના જેવો [illegible] ભાગમને લીધે બહુ ઉપદ્રવી બને છે ચોમાસાના પાણી એજને [illegible] ભરાઈ જવાને બદલે ભાલને ભીંજવ્યા કરે [illegible] તેમ [illegible] એ એજને મૂકી ગોઠી દે છે. અને [illegible] ગુજરાતી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે

ધંધુકા

એવા એ રઢિયાળા ભાલપ્રદેશમાં ધંધુકા નગરનું નામ સુવિખ્યાત છે. આજે તો એ નગર દેશી અને સરકારી હદને જોડતું હોવાથી વળી વધારે મશહૂર છે.

મોઢમહાજન અને હેમચંદ્રનાં માતાપિતા

એ નગરમાં મોઢ વાણિયાની વસ્તી સારી હતી. જે અર્થ 'શીખ' શબ્દનો છે તે જ અર્થ 'મોઢ' શબ્દનો છે. એથી મોઢ લોકો જિજ્ઞાસાવાળા–શીખવાની વૃત્તિવાળા અને નમ્ર હોય એમાં શી નવાઈ?

આજે જેમ ગાંધીજીને લીધે મોઢ જ્ઞાતિ ઊજળી છે તેમ તે વખતે મોઢદંપતી ચાચ અને પાહિનીને લીધે ધંધુકાનું મોઢ મહાજન ઊજળું હતું. જેમની વાત અહીં લખવાની છે તે ગૂજરાતના મહાન આચાર્ય હેમચંદ્રનાં જનક અને જનની એ દંપતી હતાં.

થએલો તેથી માતાપિતાએ સ્વજનવર્ગ સમક્ષ પુત્રનું નામ 'ચંગદેવ' પાડયું.

માતાપિતા તેનું પૂરેપૂરું લાલનપાલન કરવા લાગ્યાં અને ચંદ્રકળાની જેમ ચંગદેવ વધવા લાગ્યો. એ પાંચ વર્ષનો થયો એટલે પોતાની કાલીકાલી મધુર વાણીથી માતાપિતાને આનંદ આપવા લાગ્યો.

એ અરસામાં દિવ્યદૃષ્ટિવાળા પરોપકારપરાયણ જૈનાચાર્ય દેવચંદ્રસૂરિ ગામેગામ ફરતા ફરતા ધંધુકામાં આવી ચડયા. તેઓ ત્યાં મોઢાએ બંધાવેલા જિનમંદિરમાં ઉતરેલા હતા.

એક વાર ચંગદેવ તેની માતા સાથે જિનમંદિરે પહોંચ્યો. ગુરુની દિવ્યદૃષ્ટિમાં ચંગદેવ સામાન્ય માનવ ન જણાયો; પણ ભવિષ્યનો યુગાવતાર ભાસ્યો.

ગુરુને લાગ્યું કે ચંગદેવને બરાબર સાધનસામગ્રી મળે તો તે આખા ગૂજરાતને શોભાવે એવો મહાપુરુષ થઈ શકે એમ છે. જે સ્થિતિમાં ચંગદેવ અત્યારે છે તે જ સ્થિતિમાં કાયમ રહે તો તેનો ખરેખરો વિકાસ થવો અશક્ય છે અને તેનાથી આખા દેશને લાભ થવો પણ અસંભવિત છે. જો તે ઘરમાં રહેશે તો વાસનાની જાળમાં ફસાશે અને બહુ બહુ તો થોડુંઘણું નાણું ભેગું કરી થોડાં સંતાનોનો પિતા થશે. પરંતુ જો તે એક ઉત્તમ સાધકની પેઠે ચિત્ત-

શુદ્ધિની સાધનાના માર્ગે ભણી વળે તો તે પોતે તો અદ્‌ભુત મહિમાશાળી થશે એટલું જ નહિ, પરંતુ તેનાથી આખા ગુજરાતને ન વર્ણવી શકાય એવો લાભ મળનારો છે.

ગુરુએ વર્ણવેલું હેમચંદ્રનું ભવિષ્ય

ગુરુએ ગંભીરપણે વિચાર કર્યા પછી ચંગદેવની માતા પાહિનીને આશીર્વાદ આપતાં કહ્યું: "માતા ! આ તારો પુત્ર એક અદ્‌ભુત પુરુષ થવા નિર્માયો છે. તું તેને તારી મમતાને લીધે ઘર બહાર નહીં જવા દે તો તેનું તેજ વધવાનું નથી. જો તે અમારી પાસે રહે અને અમારા જેવો થઈને વિચરે તો તે ગૌતમનો બીજો અવતાર જ થવાનો. એટલું જ નહિ પણ એના પ્રભાવથી આખા ગુજરાતમાં 'અમારિ'નો ડંકો વાગવાનો, એના ચરણમાં મોટા મોટા માણસો નમવાના અને એનો વિજયવાવટો આખા દેશમાં ફરકવાનો એ હું બરાબર નિહાળી રહ્યો છું. તારી ઇચ્છા હોય તો તેને અમારી પાસે મૂકી જા. આ તારો પુત્ર છે. તું તેની ઉન્નતિ માટે [illegible] આટલી હકીકત વધારે પૂછવે પણ જણાવ્યા વિના નહિ [illegible] નથી."

[illegible]

[illegible] પુત્રના [illegible]
[illegible]

મમતાનું બલિદાન દેવાનું નક્કી કર્યું.

પણ તેને એમ થયું કે પુત્રના પિતાની સમ્મતિ વિના હું એકલી ચંગદેવને ગુરુને ચરણે શી રીતે સોંપી શકું ? છતાં 'શુભસ્ય શીઘ્રમ્' સમજી, તેણી એકલીએ પોતાની બધી ધીરજ ભેગી કરી, એક માત્ર પોતાના ગૂજરાતના અભ્યુદયને સારુ, પોતાના વહાલા ચંગદેવને તે વખતે જ ગુરુને ચરણે ધરી દીધો અને પોતે પણ પાછળથી જૈન સાધ્વીની દીક્ષા લઇને ગામેગામ વિચરવા લાગી.

૩

[illegible]

તે સમયની ખંભાત નગરની જાહોજલાલી આજની મુંબઈની જાહોજલાલીને કોરે મૂકે તેવી હતી. આજનું ખંભાત ભારતવર્ષનું મોટામાં મોટું બંદર હતું. તેને [illegible] [illegible], આના અને [illegible] [illegible] જેમ [illegible] [illegible] [illegible] [illegible] ખંભાતને [illegible] [illegible] [illegible]

[illegible]

માર્યા કરતો. ખંભાતના ઝવેરીઓ અને નગિનગરો જગમશહૂર હતા; અને ખંભાતી તાળાં તો તે દિ' પણ દેશભરની બજારોમાં વેચાતાં અને આજે પણ વેચાય છે. ચોક્કસ પ્રકારના શુભસંકલ્પ સાથે ગુરું દેવચંદ્રસૂરિએ ધંધુકાથી ખંભાતબંદર તરફ વિહાર કર્યો.

ખંભાતમાં દીક્ષા

પાંચ વર્ષના ચંગદેવને લઈને ગુરુ દેવચંદ્રસૂરિ ખંભાતબંદરે આવી પહોંચ્યા. તે વખતે જૈનકુલભૂષણ મંત્રી ઉદયન ખંભાતનો સૂબો હતો. ગુરુએ ચંગદેવને લગતી બધી હકીકત મંત્રી ઉદયનને સમજાવી. એટલે ઉદયને ખંભાતને શોભે એવા ભારે ઠાઠમાઠ સાથે ચંગદેવની દીક્ષાનો મોટો ઉત્સવ કર્યો.

હવે ચંગદેવને બદલે ગુરુએ તેનું નવું નામ 'સોમચંદ્ર' પાડયું; અને આ નવા જન્મમાં આવી તેણે કયાં કેમ વર્તવું. કયા કયા આચારો પાળવા તે બધું સોમચંદ્ર મુનિને તેમણે સમજાવ્યું.

ચંગદેવને બદલે મુનિ સોમચંદ્ર

સંવત ૧૧૫૦ના મહા શુ૦ દિ૦ ૧૪ ને શનિવારે સોમચંદ્ર મુનિની દીક્ષા થઈ. એટલે પાંચ વર્ષનો પણ સોમચંદ્ર પ્રબળ સંસ્કારી હોવાથી ગુરુનું કથન બરાબર સમજી ગયો અને ગુરુએ બતાવેલ માર્ગે પોતાનો અભ્યુદય સાધવા લાગ્યો.

ઉત્સાહથી આપી દીધું. સંવત્ ૧૧૬૬ ના વૈશાખ શુ૦ દિ૦ તૃતીયા—અક્ષય તૃતીયા—ને દિવસે જ્યારે સૂર્ય પોતાના પ્રચંડ તેજથી ઝળહળી રહ્યો હતો તેવે મધ્યાહ્ન સમયે ગુરુ દેવચંદ્રસૂરિયે આ માનવ-માર્તંડ મુનિ સોમચંદ્રને પોતાની કંથા ઓઢાડી દીધી. પોતાનું 'આચાર્ય' પદ તેને સોંપી દીધું અને તેનું નવું નામ 'હેમચંદ્ર સૂરિ' જાહેર કર્યું.

આચાર્ય હેમચંદ્રની માતૃભક્તિ

આચાર્ય થયા છતાં પણ મુનિ હેમચંદ્રનો માતૃપ્રેમ હજુ જેવો ને તેવો જ હતો. પોતાની પાછળ સાધ્વી થએલી માતા પાહિનીને પોતાના આચાર્ય-પદને પ્રસંગે તેમણે સાધ્વી વર્ગમાં 'આચાર્ય' પદે સ્થપાવી—'પ્રવર્તિની' પદ અપાવ્યું અને સંઘ સમક્ષ તે પ્રવર્તિની પાહિની સાધ્વીને આચાર્યના સિંહાસનની અધિકારિણી બનાવી, તે સુપુત્રે—એક જૈન આચાર્યે—પોતાની માતૃભક્તિને વ્યક્ત કરવાનો અનુકરણીય પ્રસંગ ન જ જવા દીધો.

હતો. જિનશાસનનો સર્વ સુખકર અભ્યુદય હવે તેને હાથવેંતમાં જણાતો હતો. વનરાજના પાલક શીલગુણસૂરિનું વ્યવહારચાતુર્ય તેણે આનવા આચાર્યમાં પ્રત્યક્ષ દીઠું.

પોતાના રાજવી સિદ્ધરાજ અને આ ધર્મરાજવી હેમચંદ્રનો સંયોગ કોઈ અપૂર્વ અદ્દભુત ફળ નીપજાવશે એવી તે કલ્પના કરવા લાગ્યો હતો. જ્યાં ત્યાં ધર્મને નામે પાખંડ પ્રવર્તતું હતું તે હવે અટકી જશે, દેશમાં નવા પ્રાણનો સંચાર થશે અને અહિંસા ધર્મને નામે બાયલા જેવા થઈ બેઠેલા જૈનોમાં નવું ચેતન આવશે તેની તેને ઝાંખી થવા લાગી હતી. ખંભાતનું જૈન મહાજન, બ્રાહ્મણ મહાજન અને બીજી બધી પ્રજા આ નવા આચાર્યને જોઈ અનેરો ઉલ્લાસ અનુભવતી હતી અને આ નવા આચાર્ય ઊગતા ચંદ્રની જેમ ખંભાતની સર્વ પ્રજાને પોતાની વાણીસુધાથી સિંચી રહ્યા હતા.

આચાર્ય હેમચંદ્રની વ્યાખ્યાનધારા

ખંભાતના મોટા જિનમંદિરને આચાર્ય હેમચંદ્રે અધ્યાપનમંદિર કરી મૂક્યું હતું અને તેમાં વખતો વખત તેમની વ્યાખ્યાનધારાનો પ્રવાહ સર્વપ્રજાને પાવન કરી રહ્યો હતો. કોઈ વખત અર્થ, કામ અને ધર્મનો પરસ્પર સંબંધ એ વિષે ચર્ચા થતી; કોઈ વખત ગૃહસ્થમાર્ગ અને સાધુમાર્ગની

અસિધારા જેવી કઠોરતા વર્ણવાતી; કોઈવાર નિવૃત્તિ-
માર્ગ અને પ્રવૃત્તિમાર્ગની એકતા વિશે આલોચન
થતું કોઈ સમયે રાજધર્મ પ્રજાધર્મ અને યુદ્ધધર્મ
વિશે [illegible] સમજાવાતી કોઈ વખત વૈદિક
[illegible] અને [illegible] તત્ત્વનું તોલન થતું. કોઈ
[illegible] સમ્યમાર્ગી
[illegible] મર્યાદા તથા
[illegible]
[illegible] મીર

અને જૈનધર્મનો સંયમયોગ એ બેની બહુ ઝીણવટથી તુલના થતી. કોઈવાર ઉપનિષદનો અદ્વૈતમાર્ગ અને જૈનધર્મનો અહિંસાવાદ, અનેકાંતવાદ એ બે વચ્ચેની સમાનતાની સ્પષ્ટતા થતી. ભિક્ષા અને દીક્ષાની મર્યાદા અંકાતી, યોગ્યતાનું માપ વર્ણવાતું અને રોકડધર્મ અને ઉધારધર્મ આચરનારાઓ કેટલું ઇષ્ટ અને અનિષ્ટ ફળ મેળવે છે તે સવિસ્તર સમજાવાતું. તો કોઈવાર દેવ, ગુરુ અને ધર્મની બાહ્યસ્થિતિ ઉપર તેમની શુદ્ધિનું માપ નથી પણ તેમની અંદરના ગુણો ઉપર જ તે ત્રણેની ખરી શુદ્ધિનું માપ છે એ ઉપર પણ સવિસ્તર ઊહાપોહ થતો.

૫

હેમચંદ્રસૂરિનો પાટણ તરફ વિહાર

આ રીતે આચાર્ય હેમચંદ્રે ખંભાતમાં મોટી જ્ઞાનપરબ ઉઘાડી, અનેક જિજ્ઞાસુઓની તૃષાને શાંત કરી હતી, કુશાગ્ર [illegible] નવા નવા વિશ્રામમાર્ગો બતાવ્યા [illegible] કર્યાં હતાં. [illegible] માર્ગનું મૌન દર્શન [illegible] [illegible] નમાતા થતા [illegible] [illegible] અનેકવિધ [illegible] થઈ [illegible]

[illegible]

અને મંત્રી ઉદયનને કહી સંભળાવી અને ગુરુના આશીર્વાદ તથા મંત્રીની પ્રેરણાથી તે માટે તૈયારી પણ કરી લીધી.

પાટણની પ્રભુતા

તે વખતના પાટણની ઉન્નતિની વાત શી કહેવી ? એ વખતનું પાટણ હિંદુસ્તાનભરનું પેરિસ હતું. પાટણના પ્રાસાદો, રાજભવનો અને દેવમંદિરો આભે સંચરતા સૂર્ય સાથે વાતો કરતા. તે ઉપરના સુવર્ણકલશોનો પ્રકાશ સૂર્યમાં સંક્રાંત થતો કે સૂર્યનો પ્રકાશ તેઓમાં સંક્રાંત થતો તે કહેવું કઠણ થઈ પડતું. જ્યાં ત્યાં વાગતાં ચોઘડિયાં પાટણની સંગીતપ્રિયતાને વ્યક્ત કરતાં.

પાટણનાં ચોરાશી ચૌટાં આજનાં મોટાં મોટાં પ્રદર્શનોને પણ ભુલાવે તેવાં હતાં—સોનીહાટમાં સોનાના લાટા ઝગમગતા, સોનારહાટમાં એ લાટાના નવા નવા ઘાટ ઘડાઈ દેશભરની રમણીઓના અંગે અંગે ઓપી રહેતા. નાણાવટ નાણાંના ખણ-ખણાટથી ગાજી રહેતી. ઝવેરીહાટે હીરા, પાનાં, મોતી, માણેક, પ્રવાળ, લસણિયો વગેરે અનેક પ્રકારનું ઝવેરાત વારંવાર નવું નવું લાવવું પડતું.

સુગંધિયાનું હાટ તો ગુલાબજળના ફુવારા-ની જેમ મહેકી રહેતું. ફોફલીયાને હાટે

ગજવડી, પાંભડી, લોબડી વગેરેનો ગંજ શોભી રહ્યો હતો. નેસ્તીને ત્યાં અનેક પ્રકારની જે માગો તે મળે તેવી તમામ ચીજોનો સંગ્રહ હતો. ગાંધીને ત્યાં સુગંધી તેલ, અત્તર, ધૂપ, ધૂપેલ, મોગરેલ, કોપરેલ વગેરે મઘમઘી રહ્યાં હતાં. કપાસીયાહાટ અને એરંડિયાહાટમાં કપાસિયા અને એરંડા હમેશાં વેચાતાં છતાં સમાતા ન હતા.

રસણિયાહાટમાં રસણિયાઓ ભાતભાતની ધાતુ ઉપર રસ રસતા. સોના, ત્રાંબા કે રૂપા ઉપર નવો નવો રસ-ઢોળ-ચડાવતા. પ્રવાલીયાહાટમાં પ્રવાળાંનાં ખડકો ખડા થઇ ગયાં હતાં. ત્રાંબાહાટ અને પીતલગરહાટમાં ત્રાંબા-પીતળનાં વાસણોને, આચાર્યો શિષ્યોને ઘડે તેમ કારીગરો ઘડી રહ્યા હતા.

શંખહાટમાં શંખ, છીપ વગેરેમાંથી નીપજતાં કાનફૂલ, અછોડા, બુતાન અને બંગડીઓ વગેરે શોભી રહ્યું હતું. મોતીપ્રોયા, મીણાકારી અને સુનારહાટમાં ધ્યાનસ્થ યોગીઓની જેમ કુશળ કામગરો મોતીઓ પરોવતા; મીનો કરતા અને રેશમી વા ઊનની શાલોને તુણી તુણીને નવા જેવી બનાવી દેતા.

સાલવીહાટમાં કપડાં વણતી સાળોમાં ઉછળતી સૂતર ભરેલી માછલીઓનો ખટપટાટ

બારે મધુર લાગતા. ગુલિયાગરહાટમાં વિવિધ રંગો ઉપરાંત ગળી વેચાતી. પરિયટોનાં હાટ આજની વેલિંગ કંપની કે લોંડ્રીઓને શરમાવે તેવાં હતાં. મોચીઓ કમજ ભરેલી બાળીઓ ભરતા. ચૂનારા ચૂનો પાડતા-પકવતા. સઇડો જાતજાતના કાપનાં કપડાં સીવતા. લોહડિયા લોઢાની તરેહતરેહની બનાવટો બનાવી વેચતા. બીબાઘડા લોકો જુદી જુદી જાતનાં બીબાં ઘડતા.

બાદભુંજ ચણા મમરા પૌંઆ અને હાજીખાનીને તૈયાર રાખતા. નાપિતહાટ જુઓ તો આજનું હેરકટિંગ સલૂન ગમે પણ નહિ. પાટીવણા પાટી વણતા. કાગલિયાહાટમાં ચાંદા જેવા ધોળા કાગળો બનતા અને વેચાતા. કાઠપીઠીયાને ત્યાં તમામ જાતનું લાકડું મળતું અને તે લાકડા ઉપર ભાતભાતનું કોતરકામ થતું.

સુખડીયા અને કંદોઇના હાટમાં રહેલા જાતજાતની મીઠાઇના ભરેલા ખુમચા સંસારી આજે પણ કોને પાણી નહિ છુટે ? સાબુગરને ત્યાં તેણે જાતે બનાવેલા સાબુ ઉપરાંત ખારો ભૂતડો પીળી પીળી માટી ગેરૂ અરીઠા આંબળાં ચિક્કાખાઈ વગેરે નહાવા ધોવાનાં સાધનો તૈયાર મળતાં.

લોહારો અને કંસારાઓ લોઢાને અને કાંસાને ઘડીઘડીને ઘડીકમાં નવો નવો ઘાટ આપતા. તંબોળીને ત્યાંના તાજાં ટાઢાં તંબોળો, મુખવાસ પટ્ટણીઓને ખુશ કરતાં. માળીઓની માળાઓ, ગુલાબ, ચમેલી, મોગરો, ચંપો, કુંદ આખી બજારને સુવાસિત કરતાં. સાકરીયા મીઠી મધુરી સાકર, ખાંડ, બૂરૂં, ફુલસાકર. મધુસાકર, ગોળ વગેરે વેચતા. મજીઠીયાને ત્યાં રાતુંચોળ મજીઠ ઉપરાંત અનેક પ્રકારનું કરીયાણું વેચાતું. પત્રશાગિયાનેહાટે નાના પ્રકારનાં શાકભાજી જ્યારે માગો ત્યારે તાજાં ને તાજાં મળતાં.

કુત્રિકાપણને જુઓ એટલે અત્યારની વાઈટવેલેડલોને સંભારો પણ નહિ–ત્યાં ગમે તે બજારની ચીજ ગમે તે વખતે તૈયાર જ રહેતી અને બુદ્ધિહાટ તો ગભરાએલા–મુંઝાએલાનું વિશ્રામસ્થાન હતું—ત્યાં તેવા લોકોને જાતજાતની બુદ્ધિઓ મળતી, સારી સારી સલાહો મળતી અને ત્યાં બેઠેલા ભાંજગડિયાઓ અનેક પ્રકારની ભાંજગડો કરી શુદ્ધ ન્યાય આપતા—લોકોના ટંટા ફીસાદને શાંત કરતા—એ બુદ્ધિહાટની પાસે આજની કોર્ટોની અને આજના ન્યાયાધીશોની કશી કિંમત ન જ અંકાય.

આ પ્રકારનું પાટણનું બજાર જગતભરમાં જડ-

વાનું નથી કેવું કે પાટણ વિદ્યા, કળા, વ્યાપાર અને વ્યાયામ માટે હતું

તેની કુનેહ કે [illegible] ની કારીગરીથી દીપતો કેવો મોટો મહાલ [illegible] પોતાનાં ઉદાર હાર [illegible] કેટલી કુનેહ [illegible] કેવી કાઠી દીસતી મોટી ખાઈ હતી કે નમુદનો [illegible] ત્યાંના લોક જુઓ તો ભલા દેવલોક યથા રાજા તથા પ્રજા અથવા યથા પ્રજા તથા રાજા એ કહેવત એ પાટણ માટે [illegible] આના ખરી હતી

૬

પાટણનો રાજા અને પાટણમાં હેમચંદ્ર

એ પાટણનો નરેશ જાણે કે બીજો સુરેશ, ગણેશ કે દિનેશ; અચળતામાં નગેશ, અને સંપત્તિમાં ધનેશ એવો સિદ્ધરાજ જયસિંહ મહાપ્રતાપી હતો.

પંડિતોનો રસિક હતો, ઉદાર અને પ્રજાના ધર્મની મર્યાદાને જાણનારો હતો. તેની રાજસભામાં અનેક વાદીઓ, કવિઓ અને સાહિત્યરસિકોનાં આસનો પડયાં પાથર્યાં જ રહેતાં.

તે રાજાની રાજધાનીમાં, આચાર્ય હેમચંદ્ર ખંભાત બંદરથી નીકળી રસ્તામાં આવતાં ગામોને જગાડતા જગાડતા ઝપાટાબંધ, આવી પહોંચ્યા.

હેમચંદ્રને રાજાની વિનંતી

કદરશાળી રાજાએ પોતાનો હાથી ઊભો રાખ્યો. અને નિખાલસભાવે નમ્રતાપૂર્વક કહ્યું કે "મુનિરાજ ! ભલું પાટણ શોભાવ્યું. દર્શન કરી કૃતાર્થ થયો છું. કાંઇ કહેવા વિનંતી કરું તો ધીટ તો નહિ જ ગણાઉં. આપની વાણીસુધાનો સ્વાદ ચખાડશો ?"

હેમચંદ્રનુ કાવ્યચાતુર્ય

તક મળતાં જ આ દક્ષ પુરુષ બોલ્યા— " હે સિદ્ધરાજ ! આ તારા ગજરાજને અશંકપણે આગળને આગળ ચલાવ, પૃથ્વીને ધારણ કરનારા દિગ્ગજો ભલેને ખળભળે. હવે તો સમસ્ત પૃથ્વીને તેં પોતે જ ધારણ કરી છે એથી એ દિગ્ગજોની પરવા પણ કોને છે ? "

સિદ્ધરાજની વિદ્વત્સભામાં હેમચંદ્ર

સાંભળતાં જ ચતુર અને મર્મજ્ઞ રાજા ખુબ સંતુષ્ટ થયો. તેણે આચાર્યને વિનંતી કરી કે "આપ રોજ બપોરે મારી વિદ્વત્સભામાં જરૂર પધારશો. હમણાં તો હું જરા વિનોદાર્થે બહાર જાઉં છું. "

ત્યારથી આચાર્ય રાજસભામાં રોજ જઈ રાજા સિદ્ધરાજનો પરિચય કરવા લાગ્યા. અને આ રીતે તે બન્ને વચ્ચે ગાઢ મૈત્રી જામવા લાગી.

સાંભળતાં જ રાજા જરાક ઘવાયો; પણ પોતાનો મનોભાવ અપ્રગટ રાખી એ ભંડારના બીજા બીજા ગ્રંથોની માહિતી તેણે ગ્રંથપાલની પાસે માગી.

ગ્રંથપાલે કહ્યું: "મહારાજ ! એ વ્યાકરણ ઉપરાંત એ વિદ્વાન રાજા ભોજના બનાવેલા બીજા પણ અનેક ગ્રંથો આ ભંડારમાં છે–'સરસ્વતીકંઠાભરણ' નામનું અલંકારશાસ્ત્ર તે પ્રાજ્ઞ રાજાએ રચેલું અહીં છે, હાલમાં પઠનપાઠનમાં પણ તેનો જ અધિક પ્રચાર છે. આપ નામદારનું પારિતોષિક મેળવનારા અલંકારશાસ્ત્રના વિદ્યાર્થીઓ પણ રાજા ભોજના આ ગ્રંથને જ ભણે છે.

માલવાના જ્ઞાનભંડારનો પરિચય
અને હેમચંદ્રને તેની સોંપણી.

રાજા વિશેષ ઉત્તેજિત થયો. ગ્રંથપાળે આગળ ચલાવ્યું. "એ ઉપરાંત બીજા ગ્રંથો–તર્કશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, રાજસિદ્ધાંત, વૃક્ષાયુર્વેદ, વાસ્તુશાસ્ત્ર, ઉદયસિદ્ધિ અંકશાસ્ત્ર, શકુનશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર અને નિમિત્તશાસ્ત્ર વગેરેની પણ પ્રતીઓ આ ભંડારમાં છે."

રાજા બોલ્યો— 'શું આ બધાં શાસ્ત્રો પણ એ રાજા ભોજનાં બનાવેલાં છે ?" ગ્રંથપાલે કહ્યું— "ના, મહારાજ ! એ બધાં નહિ; પણ એમાંનાં

૮

રાજાનું મન પારખનાર હેમચંદ્ર

'રાજા ભોજ મોટો પંડિત, મોટો વૈયાકરણ, મોટો રસશાસ્ત્રી ત્યારે હું તેમાંનું કાંઈ જ નહિ?' એ વિચાર તેને ભારે મુંઝવતો હતો. એ અરસામાં એકવાર રાજસભામાં આવતાં જ સૌથી પ્રથમ તેને આચાર્ય હેમચંદ્રનો ભેટો થયો.

રાજાના મુખ ઉપરની ગ્લાનિ આચાર્ય તેને જોતાં જ પામી ગયા; અને અનાયાસે જ તેમણે રાજાને જણાવ્યું:

"મહારાજ! આપણી પાઠશાળાઓમાં આપણું પોતાનું વ્યાકરણશાસ્ત્ર અને આપણું પોતાનું અલં-

સહકાર ! હું તો કહું છું કે તમે પોતે જ એક સર્વાંગસુંદર વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, છંદઃશાસ્ત્ર અને શબ્દકોશ બનાવી આ ગૂજરાતના પાણિની, મમ્મટ, પિંગલાચાર્ય અને અમરસિંહ કેમ ન બનો ?

"મને તો લાગ્યા કરે છે કે તમે ગૂજરાતના વિદ્યાગુરુ થઈ ગૂજરાતની એ ખોટ જરૂર દૂર કરશો. સાધુવર ! સાધન-સામગ્રીની જરા પણ ઊણપ નહિ આવવા દઉં. તે માટે જે કહેશો તે તૈયારી કરી આપીશ. કહો, કહો; શું કહો છો. મુનિજી ! તમારા સિવાય બીજા ઉપર મારું મન ઠરતું નથી.

"તમારી એ બધી કૃતિયો તૈયાર થયે તેનો પ્રચાર કરવો મારા હાથમાં છે. માટે હવે તમે એ પુણ્ય પ્રવૃત્તિ શીઘ્ર શરૂ કરો એ જ મારી પહેલી અને છેલ્લી તમને વિનંતી છે."

યુદ્ધવિદ્યા, વ્યૂહરચનાકૌશલ, પટ્ટાબાજી, નિર્ભયતા, બ્રહ્મવિદ્યા, વ્યવહારવિદ્યા અને પાંડિત્ય વગેરેની તાલિમ આપણી પાઠશાળાઓમાં આવશ્યક જ હોવી જોઈએ.

"આ માટે આપ સેનાપતિની અને શિષ્પંડિતોની સલાહથી યોગ્ય અભ્યાસક્રમ નક્કી કરો અને તે પ્રમાણે ગૂજરાતભરની પાઠશાળાઓમાં તેનો શીઘ્ર અમલ થાય તેવી વ્યવસ્થા કરો.

ગૂજરાતની દુર્દશા તરફ હેમચંદ્રે ખેંચેલું રાજાનું ધ્યાન

"મહારાજ ! ગૂજરાતની લીલી વાડી, ગૂજરાતની કામધેનુ જેવી રસાળભૂમિ; ગૂજરાતનો કલ્પવૃક્ષ જેવો ઉદ્યોગધંધો અને સંપત્તિને વધારનારૂં ગૂજરાતનું વહાણવટું–એ બધું એટલું બધું આકર્ષક છે કે તેને જોતાં જ ભલભલા ન્યાયશાલી દેશી કે વિદેશી રાજાઓનાં મનમાં ગલગલિયાં થવાનાં. આપણી આ આબાદીને કાયમ ટકાવવા આપણે પણ કોઈવાર લીલાં માથાં વધેરાવવાં પડશે.

"આખા દેશમાં એવા કોઇ સાચા અહિંસક ભડવીરો નથી કે જેનાં ચારિત્ર, બ્રહ્મતેજ અને સંયમ આગળ પેલા ઉદ્ધત વિજેતાઓ ઓગળી જાય; અને જ્યાંસુધી આપણે એવા બુદ્ધ અને મહાવીર જેવા

સંખ્યાબંધ બડવીરો ન પેદા કરી શકીએ ત્યાંસુધી આપણું સંરક્ષણ પિતામહે કરેલી યુદ્ધવિદ્યા જ છે.

"આપણે કોઈ બીજાનું એક તણખલું પણ ન છીનવી લઈએ એ બરાબર છે. પણ આપણી આ માતાને જ્યારે કોઈ બાનભૂલ્યો લોભીઓ ભ્રષ્ટ કરવા આવે ત્યારે આપણે પૂરૂં પાણી ન બતાવી શકીએ અને વેદવિદ્યાની મોટી મોટી વાતો કરીએ, કર્મ-વિદ્યાનું ગંભીર તત્ત્વજ્ઞાન ડહોળ્યા કરીએ તો તે વખતે માતાના જે હાલ થાય તે વિચારતાં જ હું તો થરથરી જાઉં છું!

હેમચંદ્રે ચીતરેલી ગુજરાતની ભાવી દુર્દશા

"હું જે આ વાત કરૂં છું તે વૈદિક ધર્મની અને જૈન ધર્મની અહિંસાને બરાબર સમજીને કરૂં છું; અને એક જૈનાચાર્ય તરીકેની કહેવાની મારી ચોકખી ફરજ સમજીને કહું છું. મહારાજ! શ્રી-સોમનાથના મંદિરની દુર્દશા જોઈને મારા કાન ઉપર તો એ લોભીઆઓના ઘોડાના ડાબલાના પડઘા આજથી જ આવ્યા કરે છે.

"આપણે નહિ ચેતીએ અને આ યુવાનવર્ગ જે દેશનું હીર છે તેને એક જૂથમાં વણી બરાબર સજ્જ નહિ રાખીએ તો જ્યારે ત્યારે આપણે પડવાના છીએ.

"અમારા જૈનો અને આ બ્રાહ્મણો પોતપોતાની મર્યાદા પ્રમાણેની શુદ્ધ અહિંસાને નહિ સમજી શકવાથી જ દેશની પ્રજા નિર્બળ, ભીરુ અને ઘડી ઘડીમાં અંગતસ્વાર્થને સારુ તેજ ગુમાવે એવી થઈ ગઈ છે.

"મહારાજ! અહિંસાનું સ્વરૂપ, વ્યવહાર અને તત્ત્વજ્ઞાન સાથેનો તેનો સંબંધ અને મનુષ્યજીવનમાં તેની મર્યાદા એ વિષે હમણાં લાંબું વિવેચન કરી શકાય નહિ; પણ એ બાબત આપને અને પ્રજાને કોઈ બીજે વખતે બરાબર જરૂર સમજાવીશ. આ વસ્તુ ઘણા દિવસો પહેલાં કહેવી જરૂરી હતી; પણ પ્રસંગ મળતાં જ આજે આપની પાસે નિવેદું છું. મહારાજ! માતા ગૂજરાતને ઉગારવા અને તેના વિદ્યાદેહને વધારવા પહેલું, તેનું શરીરબળ જ મજબૂત થવું ઘટે.

"વિદ્યાર્થીઓની બુદ્ધિશક્તિને વધારે અને વ્યુત્પત્તિને ખીલવે એવાં સર્વાંગસુંદર વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર, શબ્દકોશ અને ન્યાયશાસ્ત્ર એ બધું હું ઘણી ખુશીથી તૈયાર કરી આપીશ. એ બધાંની રચના માટે કેટલીક સામગ્રી આપણી પાસે છે અને કેટલીક કાશ્મીર વગેરે અન્યદેશોમાંથી મંગાવવાની છે. મહારાજ! તે બાબત તમે તદ્દન નિશ્ચિંત રહેશો.

"મારૂં વ્યાકરણનું કામ હું સત્વર પૂરું કરી નાખીશ; પણ તમે તમારું ક્ષત્રિયનું કામ રખેને વીસરી જતા! સુજ્ઞેષુ કિં બહુના?"

આચાર્યનું જવાબદારી ભર્યું દિવ્યદૃષ્ટિપૂર્ણ બોલવું સાંભળી સિદ્ધરાજ તો મંત્રમુગ્ધ જ થઈ ગયો.

૧૦

હેમચંદ્રનું ચમકતું તેજ

આચાર્યશ્રી આશીર્વાદ આપી ઉઠતા'તા ત્યાં રાજાએ ગૂજરાતના વિદ્યાધિકારીને કહ્યું કે "આચાર્યજી જે જે સામગ્રી માગે તેની એક સવિસ્તર નોંધ કરી લ્યો અને તે તેમને સત્વર પૂરી પાડો–જરા પણ વિલંબ ન કરો."

આચાર્યનું તેજ વધતું જોઈ કેટલાએ દાંત કચ્યા, કેટલાક મનમાં બળી ઊઠ્યા; પણ સાચા પ્રખર તેજ પાસે સૌ સમસમી રહ્યા. બીજું થાય પણ શું ?

હેમચંદ્રના કહ્યા પ્રમાણે વિદ્યાધિકારીએ મંગાવેલા ગ્રંથો

વિદ્યાધિકારીએ તાબડતોબ કાશ્મીર તરફ ખેપીયા મોકલ્યા; અને ચંદ્રગોમી, શાકટાયન, આપિશાલિ, ઉત્પલ, હરિ અને ક્ષીરસ્વામી વગેરેએ કરેલાં અનેક

વ્યાકરણની પૂર્ણ રચના અને પ્રતિષ્ઠા

ગૂજરાતના ધરણીધર સિદ્ધરાજને 'સિદ્ધહેમ' વ્યાકરણની પૂર્ણ રચનાના સમાચાર મળતાં જ તે વિશેષ વિશેષ હરખાયો. અને તેણે પોતે રાજ્યના ત્રણસેં લહિયાઓ રોકી તે વ્યાકરણની હજારો નકલો કરાવવા માંડી.

વિદ્યાનો મહિમા જાણનાર એ રાજાએ સિદ્ધહેમની નકલોને હાથી ઉપર પધરાવી આખા પાટણમાં વાજતે ગાજતે ફેરવી અને એ નવા વ્યાકરણની જાહેરાત કરી.

પોતાને ત્યાં એક મોટું વિદ્યાલય સ્થાપ્યું. તેમાં ગૂજરાતનું શરીરબળ અને વિદ્યાબળ વધે તેવી પાકી યોજના કરી અને યુદ્ધશિક્ષણ તો સર્વ વિદ્યાર્થીઓ માટે અનિવાર્ય રાખ્યું.

એ વિદ્યાલયમાં ભાષાજ્ઞાન માટે આ નવીન વ્યાકરણનો અભ્યાસ શરૂ કરાવ્યો. તેના અધ્યાપક તરીકે પ્રખર વૈયાકરણ કાકલ કાયસ્થને નીમ્યો અને અન્ય અન્ય વિષયના અભ્યાસ માટે પણ તે તે વિષયના નિષ્ણાત પુરુષોને યોજ્યા—આમ કરીને તેણે આચાર્યની યોજનાને અમલમા મૂકવા હિમ્મતપૂર્વક શરૂઆત કરી.

કેટલાક ધર્મઘેલા જૈનો અને બ્રાહ્મણો ' અમારાં છોકરાંઓને લડવા કયા જવું છે ? ' એમ કહી કહીને

૧૧

રાજાનો વિદ્યાપ્રેમ

પાટણના વિદ્યાલયમાં ભણનારા વિદ્યાર્થીઓને વિશેષ ઉત્સાહિત કરવા રાજા પોતે વિદ્યાલયમાં અવારનવાર આવતા રહેતા અને આચાર્ય તો ઘણીવાર આવ્યા જ કરતા.

ભણતરકુશળ અને બુદ્ધપટુ વિદ્યાર્થીઓ માટે કેટલીએ શિષ્યવૃત્તિઓ અને પારિતોષિકોની વ્યવસ્થા હતી. નવા સિદ્ધહેમ વ્યાકરણનો બંગાળ, મહારાષ્ટ્ર, માળવા વગેરે દેશોમાં પ્રચાર કરવા ત્યાંની પાઠશાલાઓમાં આ નવા વ્યાકરણની અનેક નકલો મોકલી આપી અને એને ભણનારાઓ વિશેષ પ્રોત્સાહિત થાય એવી વ્યવસ્થા પણ બાંધી આપી.

વ્યુત્પત્તિ અને બીજી ભાષાઓના ઇતિહાસ શીખનારને માટે વર્તમાનમાં તેના જેવું એક પણ સફળ સાધન નથી.

હેમચંદ્રના ગ્રંથો

પાણિનિએ પોતાના આઠમા અધ્યાયમાં જેમ વૈદિક વ્યાકરણને ગોઠવ્યું છે તેમ ગૂજરાતના આ પાણિનિ હેમચંદ્રે સિદ્ધહેમના આઠમા અધ્યાયમાં એ બધું સરસ સંદર્ભપૂર્વક ગોઠવેલું છે.

આ સાંગોપાંગ વ્યાકરણ ઉપરાંત એ વિદ્યારસિક અને ગૂજરાતની અસ્મિતા જગાડનાર આચાર્યે 'અભિધાનચિંતામણિ' નામનો–ટીકાવાળો–એક મોટો શબ્દકોષ, 'વૈદ્યક નિઘંટુ' 'દેશીનામમાલા' દેશીભાષાનો શબ્દકોશ, 'ધાતુપારાયણ' અલંકારના જિજ્ઞાસુઓ માટે મોટી ટીકાવાળું 'કાવ્યાનુશાસન' છંદના અભ્યાસ માટે પૂર્વે કોઇએ નહિ બનાવેલું તેવું 'છંદોનુશાસન' અને ઇતિહાસના જિજ્ઞાસુઓ માટે ચાવડા અને સોલંકી વંશના ઇતિહાસથી ભરપૂર 'દ્વયાશ્રય મહાકાવ્ય' સંસ્કૃત અને પ્રાકૃતાદિ બધી ભાષામાં બનાવીને ગૂજરાતને ભારે ઋણી કર્યું છે. એટલુ જ નહિ પણ તે વખતનું ગૂજરાતનું ગ્રંથદારિદ્રય ચૂરી નાંખ્યું છે.

ગૂજરાતીઓની બેદરકારી

એમણે રચેલા કેટલાક અપૂર્વ ગ્રંથો તો આજે મળતા પણ નથી એ આજના ગૂજરાતીને શરમાવનારૂં નથી? જે મહાપુરુષે અનેક ગ્રંથો લખી ગૂજરાતની,

૯.૨

રાજસમાગમ

સાહિત્યનિર્માણની પ્રવૃત્તિમાં ગુંથાએલા પણ આચાર્ય વખતોવખત સિદ્ધરાજની મુલાકાત લેવાનું ચૂકતા નહિ. હવે તો એ બે વચ્ચેની મૈત્રી ગાઢ થતી જતી હતી. તેમણે એકબીજાને બરાબર ઓળખી લીધા હતા; અને પ્રજાને મન રાજા અને આચાર્ય આખા ગૂજરાતની જમણી ડાબી આંખની કીકી જેવા થઈ પડયા.

હેમચંદ્રના કેટલાક વિદ્વેષીઓ

ચોમાસામાં જ્યારે બધી વનસ્પતિઓ આંખને ઠારે એવી લીલીછમ થાય છે ત્યારે એક માત્ર જવાસો આંખને અળખામણો લાગે એવી રીતે બળતો જણાય છે.

રાજકુલમાં આ આચાર્યની પ્રતિષ્ઠા જેમ જેમ જામતી ગઈ તેમતેમ જવાસા જેવા કેટલાય બળતરીયા–અકારણ વિરોધીઓ બળવા લાગ્યા અને લાગ પડયે રાજાને પણ ઊંધુંચત્તું ભરાવીને આચાર્યનો પગ ખસેડવાનું પાણીવલોણું કરવા પણ ભૂલેલા નહિ.

મકર્ણ રાજા

રાજા ભાગ્યેજ 'મકર્ણ' હોય છે; પણ ખાસ આ આચાર્ય માટે રાજા તેમાં અપવાદ હતો. એથી એ જવાસાઓનું તેની પાસે ઘણું ઓછું ચાલતું. પરંતુ રાજા પરીક્ષક તો પૂરો હતો એટલે આચાર્યની તે પૂરેપૂરી કસોટી કરીને જ કોઈ પણ નિર્ણય કરતો.

જૈન પાંડવોની કથા અને બ્રાહ્મણોનું અપમાન

એકવાર આચાર્ય જનગ્રંથોને આધારે પાંડવોની કથા કરતા હતા તેમાં એમ આવ્યુ કે પાંડવોએ જનદીક્ષા લીધેલી અને તેઓ જૈનદીક્ષાદ્વારા સાધના કરતાં કરતાં નિર્વાણ પામેલા.

આ સાંભળીને ત્યાં બેઠેલા કોઈ જવાસા વધારે સળગી ઊઠયા અને કહેવા લાગ્યા કે 'આચાર્યનું એ કથન તદ્દન મિથ્યા છે. મહાભારતમાં પાંડવોનું જે વર્ણન આવે છે તે જ ખરૂં છે. તેમાં મહર્ષિ વેદવ્યાસે તેમને શૈવીદીક્ષાવાળા વર્ણવ્યા છે અને હિમાલયમા તેમનુ નિર્વાણ બતાવેલું છે'

આ જવાસાઓએ આ વાતને મોટું રૂપ આપી પાટણભરમાં ઢોલ વગડાવ્યો કે આચાર્ય મહાભારત જેવા પ્રાચીન અને પવિત્ર ગ્રંથની અવગણના કરે છે; અને એમ કરીને બ્રાહ્મણધર્મનું અપમાન કરવાનો તેમનો ઈરાદો છે. પછી તો બ્રાહ્મણો પણ ઊંચાનીચા થવા લાગ્યા અને વાત વધુ થઈ પડી. ઠેઠ રાજાના કાન સુધી પણ પહોંચી ગઈ.

રાજાનું સમાધાન

રાજા ઉપર પણ મહાભારતના પ્રબળ સંસ્કારો હતા અને તેની ભક્તિ મહાભારત પ્રતિ કાંઈ ઓછી ન હતી. આ તરફ બ્રાહ્મણોનો તોફાની અને ઈર્ષ્યાળુ-વર્ગ પાટણમાં ભારે અશાંતિ ફેલાવી રહ્યો હતો, મહાભારતની ભક્તિને બહાને પ્રજાને ઉશ્કેરી રહ્યો હતો અને આ તરફ આચાર્ય પોતાનું ન્યાયી વચન ઉચ્ચારી રહ્યા હતા.

આનો તોડ કાઢયા વિના બ્રાહ્મણો શમે તેવા ન હતા અને આચાર્ય પણ રાજાની આ સ્થિતિ કળી ગયા હતા એટલે તેઓ જાતે આવીને રાજાને ગુપ્ત મંત્રણાગૃહમાં મળી ગયા. તેમના મનનું સરસ સમાધાન કર્યું અને સાથે જણાવ્યું કે એક મોટી પ્રજાપરિષદમાં આ વસ્તુ જાહેર થાય તો હવે પછી આવો ખોટો ખળભળાટ ફરી વાર ન ઊઠવા પામે.

બ્રહ્મસાયુજ્ય પામ્યા હતા. કેટલો બધો વિરોધ, કેટલું બધું જુઠાણું અને બ્રાહ્મણધર્મનું કેટલું બધું હડહડતું અપમાન !"

રાજાની સમ્મતિથી આચાર્યે બહુ ગંભીરતાથી બોલ્યા—"મહારાજ અને પ્રજાજનો તથા શિષ્ટ બ્રાહ્મણપંડિતો ! આ જગત કાંઈ આજકાલનું નથી; તેનો પ્રવાહ અનાદિકાળથી ચાલ્યા જ કરે છે. એવા અનંત પ્રવાહવાળા જગતમાં સરખે સરખી આકૃતિના મનુષ્યો, સરખે સરખી આકૃતિના બીજા પદાર્થો અને સરખે સરખાં નામ અને ગોત્રવાળા એક કરતાં વધુ માણસો હોય છે, થઈ ગયા છે અને હંમેશાં રહેવાનાં છે એ કાંઈ નવાઈની હકીકત નથી. જગતનો પ્રવાહ જોતાં કોઈ એમ કહે કે 'હેમચંદ્ર' નામ તદ્દન નવું જ છે કોઈ વાર ન હતું, તો તે તદ્દન ખોટું છે. આ સભામાંથી જ આનો પ્રત્યક્ષ પુરાવો મેળવી શકાય એમ છે.

"હું નમ્રતાથી કહું છું કે આ સભામાં જેમનાં નામ હેમચંદ્ર અને સિદ્ધરાજ તથા અર્જુન, યુધિષ્ઠિર, ભીમ વગેરે હોય તેઓ ક્રમવાર પોત પોતાના હાથ ઊંચા કરે. મહારાજ ! જુઓ અને ગણો હેમચંદ્ર કેટલા છે, સિદ્ધરાજ કેટલા છે, યુધિષ્ઠિર કેટલા છે, અર્જુન કેટલા છે અને ભીમ

કેટલા છે? શું જેટલા હેમચંદ્ર છે તે બધા એક જાતના છે? ના ના, એમાં કોઈ બ્રાહ્મણ છે, કોઈ કાયસ્થ છે, કોઈ વાણિયા છે અને કોઈ કણબી-એડુ પણ છે.

"તે જ પ્રમાણે મહાભારતના પાંડવો જુદા છે અને જૈન કથાના પાંડવો પણ જુદા છે. જૈનગ્રંથોમાં જે પાંડવોની કથા આવે છે તેઓ નામે અને ગોત્રે કરીને ભલે મહાભારતના પાંડવોની સમાન હોય અને મહાભારતમાં જે પાંડવોની કથા આવે છે તેઓ પણ નામે અને ગોત્રે ભલે જૈનકથાના પાંડવોને મળતા આવતા હોય પણ ખરી રીતે તે બન્ને જુદા જુદા છે. એથી જૈનકથાના પાંડવો જૈન હતા અને મહાભારતની કથાના પાંડવો બ્રાહ્મણધર્મી હતા એમ કહેવું લેશ પણ અસત્ય નથી, અપ્રામાણિક નથી."

વચમાં જ એક જવાસો બોલી ઊઠયો—"ખોટું, ખોટું, ખોટું. એ તો આચાર્યે પોતાના બચાવની યુક્તિ બતાવી. પણ એ માટે પ્રમાણ શું ? પ્રમાણ સિવાય આ પરિષદ તમારી આ કિંમતને નહિ જ માને."

આચાર્ય બોલ્યા—ભાઈ, ઉતાવળ શા માટે કરો છો? પ્રમાણ જ કહેવાનો હતો, તે પણ જૈનશાસ્ત્રનું નહિ કિંતુ મહાભારતનું. તમોને યાદ હોય તો

મહાભારતમાં ગાંગેયનું એક આખ્યાન આવે છે. તેમાં શ્રીગાંગેય પોતાને શ્રીમુખે પોતાના પરિવારને જણાવે છે કે—‘યુદ્ધમાં મારા પ્રાણનો અંત થાય તો મારો અગ્નિસંસ્કાર ત્યાં કરવો જ્યાં કોઈનો પણ અગ્નિસંસ્કાર ન થએલો હોય.’ આગળ ચાલતાં યુદ્ધમાં શ્રીગાંગેય પ્રાણમુક્ત થયા ત્યારે તેમનું શબ ઉપાડીને તેમના પરિવારના લોકો એક એવા પર્વતના ઊંચામાં ઊંચા શિખર ઉપર જઈ પહોંચ્યા કે જ્યાં મનુષ્યનો પગસંચાર જ ન હતો. એ સ્થાન તેમને કોઈનો પણ ત્યાં અગ્નિસંસ્કાર ન થયો હોય તેવું લાગ્યું એટલે શ્રીગાંગેયનું શબ તેમણે એ શિખર ઉપર ઉતાર્યું. ત્યાં તો આકાશવાણી થઈ કે—

अत्र भीष्मशत दग्धं पाण्डवानां शतत्रयम् ।
द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥

[અર્થાત્ અહીં તો સો ભીષ્મોનો, ત્રણસો પાંડવોનો, હજાર દ્રોણાચાર્યનો અને જેમની સંખ્યા નથી એવા કેટલાય કર્ણોનો અગ્નિસંસ્કાર થએલો છે.]

આ સાંભળતા જ પેલા શબવાહીઓના અચંબાનો પાર ન રહ્યો.”

અહીં આચાર્ય હેમચંદ્રે મહાભારતના ઉપર્યુક્ત શ્લોક તરફ બ્રાહ્મણભાઈઓનું ખાસ ધ્યાન ખેંચ્યું અને જણાવ્યું કે “મહાભારતના જ ઉલ્લેખ પ્રમાણે સે

ભીષ્મો થયા છે, ત્રણસેં પાંડવો થયા છે, હજાર દ્રોણ થયા છે અને કર્ણ તો એટલા બધા થયા છે કે તેનો પાર જ નથી. તો પછી જૈનગ્રંથોમાં વર્ણવેલા પાંડવો જૈન હોય અને મહાભારતમાં ગવાએલા પાંડવો બ્રાહ્મણધર્મી હોય એમાં વિરોધ કયાં છે?

"વળી, જેમ પાંડવોની પ્રતિમાઓ આપણા કેદારતીર્થમાં છે તેમ તેમની પ્રતિમાઓ જૈનોના શત્રુંજય પર્વત ઉપર અને નાસિકના ચંદ્રપ્રભના જૈનદેવાલયમાં પણ છે.

"માટે જેને જ્યા ગમે ત્યાં શ્રદ્ધા લાવે અને ગુણનું આચરણ કરે. જ્યાં પ્રગટ સદાચાર છે ત્યાં જ ધર્મ છે. આ સ્મૃતિવાદીઓ અને વેદવિશારદો પણ એમ જ કહેશે. ગંગા કાંઈ કોઈના બાપની નથી, તેમાં બધાય સ્નાન કરીને પાવન અને શીતળ થઈ શકે છે."

રાજાનો ન્યાય

આ સાંભળીને રાજા બોલ્યા—"આ જૈનાચાર્ય કહે છે તે અક્ષરશઃ સત્ય છે. ન્યાય તો થઈ ગયો છે; છતાં હે ફરિયાદી બ્રાહ્મણો! તમારે આ બાબત જે કાંઈ કહેવું હોય તે કહી શકો છો. તમને કહેવાની તક આપવાનો મારો ધર્મ છે. કોઈ મારા ઉપર મિત્રના પક્ષપાતનો આરોપ ન મૂકે."

ફરિયાદીઓનાં મુખ સીવાઈ ગયાં. જ્યા મહાભારતનું જ પ્રમાણ હોય ત્યાં ચૂં કે ચાં કોણ કરી શકે?

૧૪

હેમચંદ્રનો ઉપદેશ અને સર્વધર્મ-સમભાવ

રાજાની સંમતિથી ફરીવાર આચાર્ય હેમચંદ્રે ત્યાં બેઠેલા રાજાને, વિદ્વત્સમાજને અને સભાજનોને ઉદ્દેશીને જણાવ્યું, "ગૂજરાતના ધર્મસંરક્ષક મહારાજા અને સભાજનો! દેશની આબાદી ધાર્મિક ઉદારતા, વ્યાપક પ્રેમ અને શૂરવીરતાને જ આભારી છે. વ્યાપક પ્રેમ હોય, શૂરવીરતા પણ હોયઃ છતાં ધાર્મિક ઉદારતા ન હોય તો દેશની આબાદી જોખમમાં છે એ નક્કી સમજજો.

"ધાર્મિક ઉદારતા વિનાનો વ્યાપક પ્રેમ સંકુચિત થાય છે અને શૂરવીરતા ઝનૂનનું રૂપ લે છે. જેમ શોષી અને ઉન્મત્ત વિજેતાઓ લોહીની નદીઓ

વહેવરાવતાં સંકોચાતા નથી તેમ ધર્માંધ રાજા અને ધર્માંધ પ્રજા આબાદ દેશને ધર્મને નામે મોટા રણ જેવા ઉજ્જડ કરતા જરાય સંકોચાતાં નથી.

"સોમનાથના પવિત્ર દેવાલયનુ પતન એનો પ્રત્યક્ષ પુરાવો છે. દક્ષિણમાં પણ ધર્મને નામે લડાઈ લડનારાઓ હજારો મનુષ્યોનુ બલિદાન લેતાં પણ ધરાયા નથી. આવી હવા આપણા ગુજરાતમાં પણ કાંઈક વાવા લાગી છે. પરંતુ ભાઈઓ! જરા વધુ વિચારશો તો સમજશો કે એ ધર્માંધતાથી આપણી આબાદી અને આપણી માતા ગુજરાતનું સૌભાગ્ય વણસી જતાં જરાય વાર નહિ લાગે.

"આપણા ગુજરાતના મહારાજ્યમાં હાલ કેટલાય જુદાજુદા દેશો છે. તેમની ભાષાઓ ભિન્ન ભિન્ન છે, તેમના પોશાકો પૃથક પૃથક છે અને આખા મહારાજ્યની પ્રજાના વ્યવસાયો પણ જુદાજુદા છે. છતાં તે, જેમ એક મહારાજા સિદ્ધરાજની આજ્ઞાને વશવર્તી થઈને રહે છે તેમ આપણા બધાના વાંનક વિધિ-વિધાનો કે ક્રિયાકાંડો ભલે જુદાજુદા હોય છતાં તે વિધિવિધાનોદ્વારા વિવેક મેળવી આપણે બધા એક પરમાત્માની આજ્ઞાને વશવર્તી થઈને રહીએ તો જ આપણી સલામતી છે અને તો જ ... ના ગુજરાતનુ સૌભાગ્ય ટકી શકે એમ છે.

"એમ નહિ કરતાં આપણે ધર્મને નામે ખોટો વિખવાદ કરીશું અને 'આ ધર્મ ખોટો છે' 'આ ધર્મ સાચો છે' 'આ ધર્મ જૂનો છે' 'આ ધર્મ નવો છે' એવા મિથ્યા બખેડામાં પડીશું તો આપણો સૌનો નાશ જ છે.

"આપણે બધા વર્તમાનમાં જે કાંઈ આચરીએ છીએ, પાળીએ છીએ તે કાંઈ શુદ્ધ ધર્મ નથી પણ શુદ્ધ ધર્મને પામવાના અધિકારભેદથી ઉત્પન્ન થએલાં જુદાંજુદાં સાંપ્રદાયિક બંધારણો છે. એ બંધારણોને વિવેકપૂર્વક વફાદાર રહેશું, સત્ય અને માનવપ્રેમને જીવનમાં વણી લેવા પ્રયત્ન કરીશું તો ક્યારેને ક્યારે એ પરમસત્યરૂપ ધર્મને પામી શકીશું. ભાઈઓ! શસ્ત્રની લડાઈ શમાવવી તો સહેલી છે; પણ ધર્મની યાદવાસ્થળી તો જુગજુગ સુધી ચાલ્યા કરે છે, વારસાઉતાર આવે છે અને દેશને સ્મશાન જેવો અને માનવને પ્રેત જેવો બનાવી મૂકે છે. માટે એ બધા ઝઘડાને દૂર કરી, સત્ય વગેરે પાંચ મહાયમો, તેની સાધના માટે ઉપયોગી એવા જુદાજુદા અનેક નિયમો, સંત માનવનો સમાગમ, સાચા બ્રાહ્મણ અને શ્રમણની ઉપાસના અને માતાપિતા વગેરે ગુરુજનોની સેવા — એટલું આપણે આપણા જીવનમાં ઉતારીએ તોય ઘણું છે.

" આ રાજા ઉદાર, ગંભીર અને સહનશીલ ન હોત અને પ્રજાના નાયકો વિચારક ન હોત તો આ પાંડવોની કથા જ પાટણમાં મહાભારત મચાવત અને જૈનો તથા બ્રાહ્મણો વચ્ચે અકારણ વૈરનું બીજ વાવત. પણ સદ્ભાગ્યે આજે બધું શાંત થઈ ગયું છે, પરસ્પરની ગેરસમજુત નીકળી ગઈ છે.

" પણ હવે પછી આવી ખોટી કુશંકાઓ ઊભી કરી કોઈ એકબીજાને ન ઉશ્કેરે; કિંતુ એવી કુશંકાઓનાં સમાધાન મેળવે, ધાર્મિક અંધતાનો સર્વથા પરિત્યાગ કરે અને પોતપોતાના સંપ્રદાયની પદ્ધતિ પ્રમાણે વિવેકપૂર્વક, ખરા ધર્મને પામવાની ચીવટ રાખે"

આચાર્યે આમ કહ્યા પછી મહારાજા સિદ્ધરાજે પણ આચાર્યનું સમર્થન કર્યું, ગીતાના અનાસક્તિ-યોગનું વર્ણન કર્યું અને પછી શુદ્ધધર્મી અને ધર્માંધ એ બેનું ખરૂં સ્વરૂપ સંક્ષેપથી સમજાવ્યું; અને સર્વસંહારક ધર્માંધતાને તિલાંજલિ આપવા પાટણના પ્રત્યેક શહેરીને ભલામણ કરી પરિષદને વિસર્જિત કરી.

૧૫

હેમચંદ્રે દર્શાવેલો રાજધર્મ

હવે તો સિદ્ધરાજ હેમચંદ્ર વિના ડગલું પણ ન ભરતો એવી ગાઢ મૈત્રી એ બે વચ્ચે જામી હતી. રાજાને નિર્ભયતાપૂર્વક રાજધર્મ સમજાવતાં આચાર્ય કહેતાઃ–

"મહારાજ! રામનું રામરાજ્ય, હરિશ્ચંદ્રનું સત્ય વ્રત વગેરે કાંઈ કલ્પનાની વસ્તુ ન હતી. એ તો તે તે વીરપુરુષોના સાચી જીવનશુદ્ધિના પ્રયોગો હતા. આ યુગના રાજાઓએ પોતાનો રાજધર્મ વિસારી દીધો છે! તેઓ પ્રજાના લોહી જેવા પરસેવામાંથી ટપકતા પૈસે પોતાની મોજો માણે છે, ઇંદ્રિયોને અનિગ્રહિત રાખી ફાવે તેમ વર્તે છે અને બાપડી મૂંગી પ્રજાનું વલોવાતું અંતર તેઓ કદી જોતા નથી. મહારાજ! ગૂજરાતનો રાજા આવો ન

થાય; એ તો કાં તો રામ થાય, કાં તો હરિશ્ચંદ્ર થાય કાં તો ધર્મરાજ યુધિષ્ઠિર થાય.

"સાવધાનતાથી જીવનનું વર્તન ચલાવતાં કશું કઠણ નથી લાગતું; પણ એ સાવધાનતા જ ક્યાં છે? આપણો સનાતન આદર્શ જ ક્યાં રહ્યો છે? મહાભારતની દુહાઈ દઈ બ્રાહ્મણો તમને સમજાવે કે 'શિકાર તો ક્ષત્રિયનો ધર્મ છે' એટલે તમે માંસલોલુપ થઈને પશુ પક્ષીઓનો સંહાર કરો અને તેવે છંદે ચડી વરસના આઠ મહિના તો શિકારમાં જ ગાળો અને ચાર મહિના અંતઃપુરમાં ભરાઈ રહો. આમાં રાજધર્મ ક્યાં રહ્યો?"

આ બધું રાજા શાંતિથી સાંભળતો હતો અને પોતાની નબળી બાજુઓનું નિરીક્ષણ કરતો હતો. તેણે પૂછ્યું— શું ત્યારે શિકાર ક્ષત્રિયોનો ધર્મ નથી?'

હેમચંદ્ર બોલ્યા—"મહારાજ! મહાભારત જ મંગાવોને એટલે ખબર પડે કે મૃગયા-શિકાર-શા માટે છે અને કેવા સંયોગોમાં એ ક્ષત્રિયોનો ધર્મ હોઈ શકે?"

"સૂરિજી! મારે મહાભારતનું કાંઈ કામ નથી, આપની પાસેથી જ એ બધું સાંભળવું છે-સમજવું છે."

સૂરિજી બોલ્યા—"મહારાજ! સાંભળો, આપણો દેશ ખેતીપ્રધાન છે, અને ખેતીની સહાયક સામગ્રી પણ આપણે ત્યાં તેટલી જ છે

"બની શકે ત્યાં સુધી તો ખેડૂતો પોતે સ્વાશ્રયથી ખેતીનું રક્ષણ કરે છે—તેઓ જેમ ખેતીમાં ચરવા કે ચણવા આવનાર પશુ પક્ષીઓનો શિકાર કરતા નથી પણ તેમને હાંકી કાઢવા એક સરખા પ્રયત્નથી મચ્યા રહે છે તેમ, જે હિંસ્ર અને રાની પશુઓ ખેતીનો નાશ કરે છે, ખેડૂત પોતે જે રાની પશુઓથી ખેતીને બચાવી શકતો નથી ત્યાં તમારે તમારા ક્ષાત્રતેજ વડે ખેતીને બચાવી લેવી ઘટે એ તમારો ક્ષત્રિયધર્મ છે.

"એનો અર્થ એમ નથી કે તમારે શિકારને છંદે ચડવું — શિકારને શોખનું સાધન બનાવી ગમે ત્યારે ગમે તેનો પ્રાણ લેવો; શિકાર માટે પ્રજાજનોને ત્રાસ આપવો અને તેમના પૈસાનું પાણી કરવું; તેમ એનો અર્થ એમ પણ નથી કે તમારે માંસાહારી જ થવું.

"મહાભારતમાં બતાવેલી મૃગયા માત્ર ખેતીની રક્ષા પૂરતી જ છે — હતી; તે અત્યારે તો વ્યસન થઈ પડ્યું છે અને ભલભલા બ્રાહ્મણો પણ તેને ક્ષત્રિયધર્મ કહીને વખાણવા ચૂકતા નથી.

"પણ મહારાજ! નિરપરાધી પશુ અને પક્ષીઓને મારવાથી તો ઊલટું વનની શોભા લોપાઈ જાય છે, ક્રૂરતાગુણની વૃદ્ધિ થાય છે અને રાજધર્મ તો ભૂલી જ જવાય છે એ નક્કી યાદ રાખજો.

"વળી રાજાઓ જુગારથી પણ ઠીકઠીક ટેવાએલા હોય છે. આખો દિવસ કેમ જાણે કાંઈ કામ જ ન હોય તેમ તેઓ પાસા ખખડાવ્યા કરે છે અને યુધિષ્ઠિરનુ નામ લઈ જુગાર રમવામાં અધર્મ જેવું કશું સમજતા નથી પરંતુ એ તેઓની મોટી ભૂલ છે.

"દ્યૂત તો મહાન અધર્મ જ છે. યુધિષ્ઠિરની કથાથી એનો બચાવ ન જ થઈ શકે. માણસ નવરો રહે છે એટલે તેને આવા બધા કુછંદો લાગે છે; પણ જે પોતાના કર્તવ્યમા તત્પર રહે છે તે કદી આવા જુગાર જેવા રોગનો ભોગ બનતો નથી.

"મદ્યનુ વ્યસન પણ મોટા લોકોમા શોખની વસ્તુ થઈ પડી છે પણ એ, ભારે વિનાશક છે તે તો પાછળથી જ સમજાય છે. જાદવોનો સંહાર મદ્યને લીધે થયો હતો તે કોણ નથી જાણતુ?

"પ્રજા ઉપરના કરવેરાની પણ મર્યાદા જ રાખવી ઘટે. જેમ આપણને પેટ છે બાળબચ્ચા છે તેમ તેમને પણ છે એથી પ્રજા કચરાઈ જાય તેવા કરવેરા અને ખર્ચ વધારનાર રાજા પ્રજામા અનીતિને જ ફેલાવે છે. સૂર્ય સમુદ્રમાથી રોજરોજ પાણી ચૂસે છે ખરું પણ પાછું ચોમાસામા તો એ ચૂસેલા કરતા અનેકગણું વરસાવે છે તેમ રાજા પણ પ્રજા પાસેથી

કરવેરાને નામે ધન ભલે ચૂસે; પરંતુ વખત આવે તે અનેકગણું વરસાવવું જ રહ્યું; નહિ કે પોતાની મોજમાં ઉડાડવાનું છે. કેટલાક સદાચારો રાજાની આજ્ઞા વિના પ્રજામાં પ્રસરતા નથી. સામાન્ય પ્રજા પડેલી જ હોય છે અને તે એટલી બધી વ્યસનવશ થઈ પડેલી હોય છે કે તત્ક્ષણ તો મોટા મોટા મહંતોના બોધથી પણ જગાડવી મુશ્કેલ થાય છે. આવી પ્રજામાં રાજાની આજ્ઞા વિના સદાચારનો પ્રવેશ થવો મહાવિકટ છે.

"તેથી તેવી પ્રજાના શ્રેય માટે વ્યવસ્થિત રાજનિયમો — રાજબંધારણો હોવાં જોઈએ. મદ્ય એટલું બધું મોંઘું વેચાવું જોઇએ કે કોઈ શ્રીમંત પણ તેને ભાગ્યે જ પી શકે. તેમ અન્ન, ઘી, માખણ અને દૂધ હમણાં જેટલાં સોંઘાં છે તે કરતાં પણ વધારે સોંઘાં વેચાવાં જોઇએ જેથી પ્રજામાં માંસાહારનો રોગ આપોઆપ અટકી જાય અને પ્રજા શુદ્ધ ખોરાક મેળવી શાંત, ધીર, ગંભીર અને શૂરવીર બને. આ ઉપરાંત મહારાજ્યની તસુએ તસુ જમીનને ઉપયોગમાં લેવી, ખેતી ઉપયોગી પશુઓનું સંવર્ધન-પાલન કરવું અને જેવાં પશુઓ આજે સોંઘાં છે તે કરતાં સોંઘાં વેચાય એવી યોજના ઘડવી.

"મહારાજ! હાલનું વર્તમાન જોતાં, આવનારું ભવિષ્ય અટકળી જોતાં હમણાં જે રાજધર્મ પ્રાપ્ત થાય છે તે વિશે મેં આજે આપની સામે થોડી ચર્ચા કરી છે. ઉપયોગી લાગે તો હંસક્ષીર ન્યાયથી એ વિશે વિચારશો અને એ માટે સત્વર સક્રિય પણ થશો.

"મહારાજ! ગુજરાતમા તો પરમેશ્વરની મહેર છે એટલે મદ્ય કે માસનો પ્રચાર જૂજજાજ જ છે; પણ આપણા મહારાજ્યના બીજા ભાગો માટે જરૂરી સાવચેતી વાપરવી પડશે. મહારાજ! રાજસિંહાસન કાંટાળું સિંહાસન છે; ત્યાં બેસનારે તો એક સંન્યાસી કરતાં પણ વધારે સહનશીલ, તપસ્વી અને નિસ્પૃહ થવું ઘટે. નહિ તો એ સિંહાસન ઘડીના છઠ્ઠા ભાગમાં ક્યારે ફ્ના થઈ થઈ જશે એ કોણ કહી શકે?

"અને આપણે પણ પ્રજા સમક્ષ જ 'નરકેસરી' મટી 'નરકેશ્વરી' થવાના. મહારાજ! કોઈ વખતે મહાભારત, યોગવાસિષ્ઠ વગેરે વાંચતા રહેશો અને તે પ્રમાણે જીવનને ઘડવા ઉજમાળ થશો તો જ રાજા થવું સફળ છે; નહિ તો કંઈક થઈ ગયા, કંઈક રખડે છે અને કંઈક થવાના; પણ તેમાંના એકનું પણ નામ કોણ લેવાનું?"

૧૬

રાજા અને આચાર્યની ગાઢ મૈત્રી

આ પ્રમાણે પ્રતિદિન રાજા અને આચાર્ય વચ્ચે ધર્મગોષ્ઠી, જ્ઞાનગોષ્ઠી ચાલ્યા જ કરતી. રાજાના દરબારમાં અનેક કવિઓ, ચારણો, બંદીઓ બહારથી આવતા તે દરેકને હેમચંદ્ર પૂરી રીતે સંતોષાવતા. એક પણ મીઠાબોલો કે કડવાબોલો ચારણ કે કવિ એવો ન હતો જે આવ્યો તેવો જ પાછો જાય. કોઈને ગામગરાસ, કોઈને સુવર્ણમુદ્રા, કોઈને શાલદુશાલા અને કોઈને હયગય વગેરે યોગ્યતા પ્રમાણે મળ્યા જ કરતું.

આથી રાજા અને આચાર્યની યશોગાથા સર્વત્ર ગવાવા લાગી. જેમ જેમ એ યશોગાથા ભુવનમાં વિસ્તરતી ગઈ તેમ તેમ પેલા જવાસાઓ વળી ફરી

બળવા લાગ્યા; અને 'એ જૈન આચાર્ય સૂર્યને પણ માનતા નથી' 'જુઓ તો એ કેવા હૃષ્ટપુષ્ટ છે' 'આમાં ક્યાં એમનું બ્રહ્મચર્ય સચવાતું હશે' વગેરે વગેરે અનેક આક્ષેપો પાટણમાં ફેલાવા લાગ્યા.

પણ હવે પ્રજા સાથે સાચું સ્વરૂપ સમજી ગઈ હતી, એટલે તે જવાસાઓનું કાંઈ ચાલ્યુંચાલ્યું નહિ, અને તેઓ હાથ ઘસતા જ રહી ગયા. રાજા અને આચાર્ય પણ ગંભીર વિચારપ્રકૃતિના હતા; તેથી એવા જવાસાઓ તરફ તેઓ લેશ પણ ન ચીડાતાં, ઉપેક્ષાભાવે જ જોયા કરતા અને તેમની દયા જ ખાયા કરતા.

રાજા સાથે હેમચંદ્રનો પ્રવાસ

એકવાર સિદ્ધરાજને દેશાટનનો સંકલ્પ થયો. તેણે ધાર્યું કે સોમનાથ, ગિરનાર અને શત્રુંજયની યાત્રાએ જઈ આવું તો સારું. આચાર્યને પોતાનો સંકલ્પ વિદિત કર્યો અને સાથે આવવાનું આગ્રહભર્યું નિમંત્રણ પણ આપ્યું.

પડો વગડાવીને પ્રજાને પણ જાહેર કર્યું કે; 'રાજા સોમનાથ, ગિરનાર અને શત્રુંજયની યાત્રાએ જાય છે, જેમને સાથે આવવું હોય તેઓ પોતપોતાનાં ઉપકરણો સાથે આવી શકે છે, વાટખર્ચી માટે માણસદીઠ ચાર દ્રમ્મથી વધુ કશું જ નહિ લેવામાં આવે.'

આ રીતે પાટણથી એક મોટો સંઘ નીકળ્યો જેમાં હાથીઓ, ઘોડા, ઊંટ, બળદો અને વાહનોનો પાર ન હતો. કેટલાંય સુખાસનો હતાં. રાજાએ આચાર્યને સુખાસનનો ઉપયોગ કરવા વિનંતી કરી; પણ પગે ચાલીને જ પ્રવાસ કરવાનો તેમનો આચાર હોવાથી તેમ કરવા આચાર્યે ના કહી.

સંઘમાં જૈન સાધુઓ ઉપરાંત કેટલાક સંન્યાસીઓ પણ હતા; અને પ્રજાજનો પૈકી કેટલાક શૈવ, જૈનશ્વેતાંબર, જૈનદિગંબર, ભાગવત અને યોગમતી વગેરે અનેક મતના લોકો હતા.

સમુદ્ર જેમ ગાજતો સંઘ પ્રયાણો કરતો, પડાવ નાખતો નાખતો ચાલવા લાગ્યો; અને શત્રુંજય ગિરનારની યાત્રા કરી સુખપૂર્વક સોમનાથ પણ પહોંચી ગયો. સંઘે અને રાજાએ સોમનાથ ભગવાનની સેવાપૂજા કરી અને આચાર્યે પણ સોમનાથ ભગવાનની પૂર્ણ ભક્તિભાવથી સ્તુતિ કરી.

આચાર્યે ગદ્‌ગદ્ કંઠે શ્રીસોમનાથજીના મંદિરમાં જે શ્લોકો ઉચ્ચાર્યા તે આ પ્રમાણે છે:

"यत्र तत्र समये यथा तथा
योऽसि सोऽस्यभिधया यया तया।
वीतदोषकलुषः स चेद् भवान्
एक एव भगवन्! नमोऽस्तु ते ॥"

" भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै " ॥

અર્થાત્—" ગમે તે સમયે, ગમે તે રીતે અને ગમે તેવા નામવડે જે વીતરાગ એક જ છે; તે તું હો તો હે ભગવન્! તને મારો નમસ્કાર થાઓ."

"સંસારની પરંપરાને વધારનારા જેમના રાગ વગેરે દોષો ક્ષીણ થઈ ગયા છે એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો કે જિન હો—ગમે તે હો તેમને નમસ્કાર થાઓ."

— —

૧૭

હેમચંદ્રનો પાટણથી વિહાર

હવે આ તરફ આચાર્ય પાટણથી નીકળી ગૂજરાતમાં ફરવા લાગ્યા અને પોતાના જે ભાવો તેમણે પાટણમાં રાજા અને પ્રજા સમક્ષ જણાવ્યા હતા તે જ ભાવો ગૂજરાતની આમપ્રજા પાસે તેઓ મૂકવા લાગ્યા.

બાહડ, આંબડ અને ઉદયન મંત્રી જેવા જૈન વીરોના પ્રત્યક્ષ પુરાવા આપીને તેઓ ગૂજરાતની કાયર પ્રજાને જગાડવા લાગ્યા. અહિંસાનો ખરો મર્મ અને મર્યાદા સમજાવી તેનો વ્યવહારુ ઉપયોગ બતાવવા લાગ્યા. શૂરવીરતામાંથી જ અહિંસા જન્મે છે એ વસ્તુ ક્ષત્રિયતીર્થંકરોના ઉદાહરણોથી ઠસાવવા લાગ્યા; અને કાયરોની અહિંસા એ અહિંસા નથી જ

પણ હિંસા છે—ભયમોહ છે તે જૈનશાસ્ત્રની શૈલીથી સમજાવવા લાગ્યા.

હેમચંદ્રનુ ખંભાતમા આગમન

આચાર્ય હેમચંદ્ર પોતાની લોકહિતકર ઉપદેશ-ધારા દ્વારા ગૂજરાતના ગામેગામને જગાડવાનો ઉગ્ર પ્રયાસ કરતા કરતા ખંભાતમાં આવી પહોંચ્યા.

ખંભાત તો કાકડોળે તેમની રાહ જ જોતું હતું. ખંભાતે તેમની જ્ઞાનપરબનુ નવજીવનપ્રેરક જ્ઞાનજળ પીધેલુ તેથી આજે તેમના આવાગમનથી ખંભાતીઓ વિશેષ ઉત્સાહમા આવી ગયેલા દેખાતા હતા અને મંત્રી ઉદયનનો હર્ષ તો કયાય માતો જ ન હતો. એ તો પોતાનુ સ્વપ્ન ખરૂ પડતુ જોઈ મનમાં ને મનમા વિશેષ પ્રસાદ પામ્યો હતો.

ખભાતની મોટી પૌષધશાળા આજે એક મોટા વિદ્યાલયના રૂપમા ફેરવાઈ ગઈ હતી ખભાતના નિવાસ દરમિયાન હેમચદ્ર પટણીઓની પેઠે જ ખંભાતીઓને પણ સબોધી જાગતા કરવાનો પ્રયાસ સેવ્યો હતો અને તે કેટલેક અશે સફળ પણ થયો હતો.

૧૮

હેમચંદ્ર ને કુમારપાળનો સમાગમ

ગૂજરાતનો ભાવી રાજા કુમારપાળ વખાનો માર્યો શરણું શોધતો એકવાર ખંભાતમાં આચાર્યશ્રી પાસે આવી ચડ્યો. સામુદ્રિક શાસ્ત્રના જાણકાર આચાર્યે કુમારપાળનો પ્રેમપૂર્વક ખૂબ સત્કાર કર્યો અને 'આજથી સાત વર્ષ પછી અમુક દિવસે અને અમુક ઘડીએ તેનો રાજ્યાભિષેક થશે' એવી ભવિષ્યના ગર્ભમાં રહેલી હકીકતથી કુમારપાળને પોતાના નિશ્ચય સાથે વાકેફ કર્યો. મંત્રી ઉદયનને પણ કુમારપાળનો પરિચય કરાવી તેને સર્વ પ્રકારે સહાયતા પહોંચાડવાની ખાસ ભલામણ કરી.

આ પછી કેટલોક વખત કુમારપાળને જ્યાં ત્યાં રખડવું પડયુ અને નાસભાગમાં બીજાં અનેક કષ્ટો

સહેવાં પડયાં. કુમારપાળની એ રખડપટ્ટીમાં આચાર્ય હેમચંદ્રે તેને વખતોવખત આશ્રય આપેલો અને મોતના પંજામાંથી પણ આબાદ બચાવેલો.

રાજા તરીકે કુમારપાળ

છેવટ વિક્રમ સંવત ૧૧૯૯ માં સિદ્ધરાજનું અવસાન થયું. તે ખબર જાણી કુમારપાળ પાટણમાં આવી પહોંચ્યો. પાટણના અમાત્યવર્ગે, સેનાપતિએ તથા રાજ્યની ધુરા વહનારા બીજા રાજકારણી પુરુષોએ કુમારપાળને રાજા તરીકે સ્વીકાર્યો, ગૂજરાતના શાસનનો દંડ તેને હાથ સોંપ્યો અને અભિષેકયોગ્ય રાજાની પેઠે પાટણની ગાદી ઉપર કુમારપાળનો રાજ્યાભિષેક કર્યો.

કૃતજ્ઞ કુમારપાળ

પોતાની રખડપટ્ટીમાં જે જે ભાઈઓએ અને બહેનોએ કુમારપાળને કાંઈ ને કાંઈ સહાયતા આપેલી, આશ્રય આપેલો, યા તેની બીજી કાંઈ સેવા કરેલી તે તે દરેક ભાઈ અને બહેનને કુમારપાળે રાજા થયા પછી તુરત જ યાદ કર્યાં અને તે દરેકને યોગ્ય સત્કારપૂર્વક મોટાં મોટાં પારિતોષિકો આપ્યાં તથા શ્રેષ્ઠ શ્રેષ્ઠ અધિકારને પદે નીમ્યાં. આ રીતે તે કૃતજ્ઞ રાજાએ પોતાની ફરજ બજાવવા સાંપડેલી એક તક, ન જ જવા દીધી.

રાજા કુમારપાળ અને હેમચંદ્ર

પોતાના બીજા બધા ઉપકારીઓમાં આચાર્ય હેમચંદ્રનું સ્થાન રાજા કુમારપાળને મન સર્વ શ્રેષ્ઠ હતું. એટલે રાજ્યાભિષેક થતાં જ તેણે પોતાના પ્રાણરક્ષક આચાર્ય હેમચંદ્રને તત્ક્ષણ યાદ કર્યા.

સમયના જાણકાર આચાર્ય તુરત જ પાટણ આવી પહોંચ્યા. પાટણમાં પેસતાં જ કુમારપાળે પોતાને નવ જીવન દેનાર આ આચાર્યને ખૂબ સત્કાર્યા, સન્માન્યા, વાંદ્યા અને પૂજ્યા તથા તેમની સેવામાં જ રહેવાનો પોતાનો સંકલ્પ તેમને નમ્રતાપૂર્વક નિવેદિત કર્યો. પોતાને પ્રાપ્ત થએલું રાજપાટ અને વૈભવ સત્તા વગેરે એ કૃતજ્ઞ અને ગુરુભક્ત રાજાએ આચાર્યને ચરણે ધર્યું.

આચાર્યે રાજાની આદર્શ નમ્રતા અને કૃતજ્ઞતાને ખૂબ પ્રશંસી; તથા પોતાની અપરિગ્રહની પ્રતિજ્ઞાની યાદ આપી. રાજાને તેનો પોતાનો રાજધર્મ ખૂબ પ્રેમથી સમજાવ્યો. રાજા સિદ્ધરાજ અને આચાર્ય વચ્ચે જેવી મૈત્રી જામી હતી તેથી તો કેટલીયે વધારે મૈત્રી રાજા કુમારપાળ અને આચાર્ય હેમચંદ્ર વચ્ચે થોડા જ સમયમાં જામી ગઈ.

હવે તો કુમારપાળ, આચાર્યને પોતાના ગુરુ તરીકે જ માનવા લાગ્યો અને તેમનો પડેલો બોલ ઝીલવા — તેઓ કહે તેમ કરવા — એક પગે તૈયાર રહેવા લાગ્યો.

૧૯

કુમારપાળ અને જૈનધર્મનો પરિચય

કુમારપાળે પોતાના શાસનકાળમાં અનેક યુદ્ધો કરીને વિજયલક્ષ્મી મેળવી હતી. તે વખતે તેની સેનામાં કેટલાયે જૈન વીરયુવકો પણ દાખલ થએલા અને તેમાંના કેટલાક તો યુદ્ધકળાના અપૂર્વ કૌશલ ધરાવતા હોઈ, યુદ્ધકચેરીમાં મોટા મોટા અધિકારો ભોગવતા. યુદ્ધમાં વિજય મેળવવા જતાં પહેલાં રાજા કુમારપાળ ખાસ કરીને અજિતનાથ ભગવાનની એક મનથી ઉપાસના કરતો.

અજિતનાથનું નામ જ અજિતપણાને સૂચવે છે એથી પોતાના સર્વ વિજયોનું કારણ અજિતનાથની ઉપાસના છે એમ ધારી રાજા કુમારપાળે તારંગાના પહાડ ઉપર અજિતનાથનો મોટો ઊંચો પ્રાસાદ બંધાવ્યો અને તેમાં શ્રીઅજિતનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

એ પ્રાસાદમાં એવાં તેલિયાં લાકડાં વાપરેલાં છે કે કદાચ આગ લાગે તો પણ તે, તેમાંથી ઝરતા પ્રવાહી રસ દ્વારા આપોઆપ શમી જાય. એ તેલિયાં લાકડાં તગર કે અગરનાં છે એમ કહેવાય છે જ્યારે જ્યારે વિજય મેળવીને રાજા પાછો ફરતો ત્યારે દરેક વખતે શ્રીઅજિતનાથ ભગવાનની ઉપાસના કરવાનું ચૂકતો નહિ.

કુમારપાળની વિશેષ જિજ્ઞાસા અને હેમચંદ્રનો ઉપદેશ

રાજા અને આચાર્ય હેમચંદ્રની આમ તો અનેક મુલાકાતો થતી પણ તેને એકવાર જૈનધર્મનું ખરું અને પૂરું રહસ્ય જાણવાની તથા તેને જીવનમાં વણી લેવાની ઇચ્છા થઈ આવી. પોતાના મંત્રી વાગ્ભટને તેણે એ ઇચ્છા જણાવી અને તેણે રાજાનો એ મનોરથ સફળ કરવા આચાર્ય હેમચંદ્રની ખાસ મુલાકાતોનો પ્રબંધ કર્યો. આચાર્યે જૈનધર્મમાં વર્ણવાએલી અહિંસાનું ખરૂં રહસ્ય સમજાવ્યું; અને તેને વ્યવહારમાં મૂકવા ક્યાં કઈ મર્યાદા હોય તો તે, સમાજને રાષ્ટ્રને અને વ્યક્તિને હિતકર થાય એ બધું રાજા પાસે વિશેષમાં વિશેષ સ્પષ્ટતા સાથે નિવેદિત કર્યું.

માંસાહાર અને શૂરવીરતા વચ્ચે જે જાતનો કાર્ય–કારણ–સંબંધ બતાવી કેટલાક તરફથી માંસાહારની જે પુષ્ટિ કરવામાં આવે છે તેનો આચાર્યે

સ્પષ્ટ શબ્દોમાં ચોખ્ખો નિષેધ કર્યો; અને તે સારુ મહાભારત વગેરે વૈદિક આમ્નાયના ગ્રંથોના સબળ પુરાવા આપી એ બાબત તેને વધુ સમજ પાડી; તથા ફલાહારી શૂરવીરોનાં બીજાં કેટલાંય પ્રત્યક્ષ ઉદાહરણો આપી માંસાહારને લગતો રાજાનો ભ્રમ ભાંગી નાખ્યો.

એ જ પ્રમાણે જુગાર, દારૂ, વિષયવિહારનો અતિરેક, શિકાર, પરદારગમન વગેરે અનેક દુર્ગુણોથી દૂર રહેવા રાજાને ધાર્મિક દૃષ્ટિએ ભલામણ કરવામાં આવી. આ ઉપરાત પ્રજા ઉપરના કરભારને ઓછો કરવા, રાજ્યમાં જ્યાં જ્યાં દેવીપૂજાને નામે પશુવધ થતો હોય તે અટકાવવા અને અપુત્ર મનુષ્યનું ધન ન લેવાનો રાજધર્મ બતાવવામાં આવ્યો.

૨૦

દેવી નિમિત્તે પશુવધનો નિષેધ

દેવીનાં મંદિરોમાં થતા પશુવધને માટે રાજાને કહેવામાં આવ્યું કે “ દેવો આપણી પેઠે ખોરાક જ લેતા નથી. દેવો આપણા કરતાં ઉચ્ચકોટિના હોઈ આવો ગંદો ખોરાક તેઓ લે જ કેમ ? છતાં તકરારની ખાતર કોઈ પણ દેવીના મંદિરમાં આખી રાત પાંચ બકરાં વા પાડાને પૂરી રાખો અને સવારે કાઢો તો પ્રત્યક્ષ જોશો કે તેમાંથી એક પણ પ્રાણી ઓછું થયું નથી વા જરા પણ ઘવાએલું કે ક્ષત પામેલું પણ નથી. જો દેવી માંસભક્ષી હોય તો જરૂર તે, એ પૂરેલાં પ્રાણીઓમાંથી એકાદને ખાઈ જાત વા ઘવાએલું કરત. પણ તેમ થતું નથી માટે પશુબલિની પદ્ધતિ દેવની તૃપ્તિ માટે તદ્દન નકામી છે.

"છતાં અત્યારે જે આ પ્રથા પ્રચલિત છે તે તો મંદિરના પંડા પૂજારીઓની જ કરામત છે. તેમની માંસલોલુપતાને કારણે જ એ પશુબલિની પ્રવૃત્તિ ચાલતી આવે છે. વળી, દેવી તો જગદંબા છે એટલે જગતની — જગતમાંનાં નાનાં મોટાં સર્વ પ્રાણીઓની—માતા છે. તો શું તે બિચારાં અનાથ પાડા કે બકરાંની માતા નથી? પાડો કે બકરું પામરમાં પામર પ્રાણી છે અને માતા તેના પામર પુત્રો ઉપર તો વધારેમાં વધારે પ્રેમ દાખવે; એટલે માતાની સામે તેના તુચ્છમાં તુચ્છ પુત્રનો પણ વધ કેમ થઈ શકે?

"બહુ બહુ તો અન્ન, મિઠાઈ વગેરેનું નૈવેદ્ય બસ છે. તે પણ દેવો તો ખાતા જ નથી પરંતુ દેવ-નિમિત્ત આવેલુ નવેદ્ય જગદંબાના અનાથ, પાંગળાં, મૂગાં અને આંધળા બચ્ચાંઓને મળે એ આશયથી જ તેની–નૈવેદ્યની–પ્રથા પ્રચલિત છે બીજા શબ્દોમાં કહીએ તો એ પણ એક પ્રકારનુ દાન છે; અને એ, સમાજની દૃષ્ટિએ ખાસ મહત્ત્વનુ છે આજે તો એ નૈવેદ્યની પ્રથામા ઘણુ અનિષ્ટ પરિવર્તન થઈ ગયુ છે, તે હવેથી અટકે અને દેવીના મંદિરમાં થતો પશુવધ સદંતર બંધ જ થવા ઘટે."

૨૧

સ્ત્રીના વારસાહક્કનું સંસ્થાપન

વળી રાજા કુમારપાળને આચાર્યે કહ્યું કે, "આજ સુધીના બધા મોટા મોટા રાજાઓએ પણ વાંઝીયાનું ધન મૂકયું નથી. અપુત્રિયાનું ધન લઈને રાજા પોતાના પિતાનું અપમાન કરે છે. રાજા જે અપુત્રિયાનું ધન લે છે તેનો તે પુત્ર બને છે અને આ રીતે તે, પોતાના પિતાને સ્થાને તે અપુત્રિયાને મૂકે છે.

"ઉપરાંત અપુત્રિયાની વિધવા કે અનાશ્રિત પુત્રીઓને નિરાધાર કરી તેની આંતરડી કકળાવી તેના સો સો શાપ રાજાને ખમવા પડે છે. આ કાંઈ નાનીસૂની હિંસા નથી. આ તો ચોખ્ખો મનુષ્ય-વધ જ છે. માટે હે રાજા કુમારપાળ! આજથી જ એવું અપુત્રિયાનું ધન ન લેવાનો સંકલ્પ કરવો વિશેષ ઉચિત છે."

"આ પ્રમાણે આચાર્યે જૈનધર્મની ઢબે રાજાને તેનું કર્તવ્ય સમજાવ્યું અને એ જાતના કર્તવ્યનું આચરણ એ જ જૈનધર્મનું આચરણ છે તે પણ સારી રીતે સ્પષ્ટ કર્યું. વધારામાં બીજાં કેટલાંય ત્યાગનાં, દાનનાં, સહિષ્ણુતાનાં, સંતોષનાં અને પ્રજાપાલનનાં અનેક કર્તવ્યોનો પણ બોધ કર્યો.

૨૨

કુમારપાળની આજ્ઞાઓ

રાજાએ એ બધુ નમ્રચિત્તે આનંદપૂર્વક સ્વીકાર્યું; અને પોતાના જીવનમા તે પ્રમાણે વર્તવાની દૃઢ પ્રતિજ્ઞા કરવાનુ પણ નક્કી કર્યું. રાજ્યના દરેક ભાગોમાં જ્યા જ્યાં દેવીમંદિરોમા પશુવધ થતો હતો તેને અટકાવવા અનેક ફરમાનો કાઢયાં.

શિકાર, જુગારખાના, દારુના પીઠા અને પ્રજાની બરબાદી કરનારી બીજી અનેક માદક ચીજો અને પ્રવૃત્તિઓ ઉપર સખત અંકુશ મુકવાના હુકમો કાઢયા; અને પ્રજાને આ બધુ સ્પષ્ટપણે જાણ કરવા સ્થળે સ્થળે જાહેર ઘોષણાઓ પણ કરાવી. તથા સ્ત્રીનો વાગ્સ્વાતંત્ર્ય સ્થાપિત કરી, કોઈ પણ અપુત્રિયાનું ધન ન લેવાની આજ્ઞા કરી.

ચડાવવા જ જોઈએ, બીજે દિવસે બસ્સેં; અને એ પ્રમાણે જેટલામો દિવસ હોય તેટલાં બકરાં અને પાડા નવ દિવસ સુધી ચડાવવાનાં છે– છેક છેલ્લે દિવસે નવસેં બકરાં અને નવસેં પાડા હાજર રહેવાં જોઈએ.”

“આવી વ્યવસ્થા હોય તો જ એ માતાઓનાં ખપ્પર ભરાય અને આપનું તથા દેશનું ક્ષેમકુશળ રહ્યા કરે, નહિ તો એ દેવીઓ કોપેઃ એથી દેશભરમાં ભારે ઉત્પાત થાય, તેમાં રાજા કે પ્રજાને ભારે હાનિ પહોંચે. આ બલિદાનની રીત કંઈ આજ-કાલની નવી નથી. એ તો સોલંકીઓના મૂળ પુરુષે પ્રવર્તાવેલી છે. માટે આપ આમાં હા ના કરો એ કાંઈ ઠીક ન કહેવાય.”

૨૨

કુમારપાળની આજ્ઞાઓ

રાજાએ એ બધું નમ્રચિત્તે આનંદપૂર્વક સ્વીકાર્યું; અને પોતાના જીવનમાં તે પ્રમાણે વર્તવાની દૃઢ પ્રતિજ્ઞા કરવાનુ પણ નક્કી કર્યું. રાજ્યના દરેક ભાગોમાં જ્યાં જ્યાં દેવીમંદિરોમાં પશુવધ થતો હતો તેને અટકાવવા અનેક ફરમાનો કાઢ્યાં.

શિકાર, જુગારખાના, દારૂનાં પીઠાં અને પ્રજાની બરબાદી કરનારી બીજી અનેક માદક ચીજો અને પ્રવૃત્તિઓ ઉપર સખત અંકુશ મુકવાના હુકમો કાઢ્યા; અને પ્રજાને આ બધુ સ્પષ્ટપણે જાણ કરવા સ્થળે સ્થળે જાહેર ઘોષણાઓ પણ કરાવી. તથા શ્રીનો વાગ્ગ્રાહક્ષ સ્થાપિત કરી, કોઈ પણ અપુત્રિયાનું ધન ન લેવાની આજ્ઞા કરી

આ રીતે સૂરિજીએ રાજાના હૃદયમાં જૈનધર્મની પ્રતિષ્ઠાને અંકિત કરી અને તે દ્વારા ગૂજરાતની પ્રજાની અને સર્વ ધર્મની પરંપરાઓની પણ ઠીક ઠીક રક્ષા કરી; એ કથન સર્વથા સુસંગત છે.

વળી, પ્રસંગે પ્રસંગે જ્યારે રાજા મળતો ત્યારે જેમ સિદ્ધરાજને તેઓ સંબોધતા તે જ પ્રકારે કુમારપાળને પણ સંબોધી લોકરક્ષાની એક પણ તક તેઓ ન જવા દેતા. કોઈ પણ ધર્મના અનુયાયીને લેશ પણ અન્યાય ન થાય તે માટે આચાર્ય હેમચંદ્ર વિશેષ કાળજી કરતા; અને તેથી જ તેમના ઉપર સર્વ ધર્મના લોકો એકસરખો ભાવ રાખી, જૈનધર્મની પ્રભાવનામાં વગર સંકોચે સામેલ થતા.

કુમારપાળની અંગત અથડામણ

રાજાએ પોતાની મર્યાદામાં જૈનધર્મનો સ્વીકાર કર્યો અને સૂરિજીના ઉપદેશથી પ્રેરાઈને તેણે પોતાના આખા રાજ્યમાં દેવીનાં મંદિરોમાં થતો પશુવધ અટકાવવા આકરાં પગલાં પણ લેવા માંડયાં, પશુવધની જે પ્રથા તે વખતે ચાલતી હતી તે કાંઈ નવી ન હતી. તેને શાસ્ત્રોનો ટેકો હતો, પરંપરાની સહાય હતી અને રાજકુટુંબના વૃદ્ધોની હુંફ પણ જેવી તેવી ન હતી.

રાજકુટુંબનાં વૃદ્ધો એમ ચોક્કસ માનતાં કે દેવીઓને ધરેલા એ ભોગથી જ રાજાનું, રાજકુટુંબનું અને પ્રજાનું કુશળ છે—તેઓનો આ વહેમ તેમના મનમાં એવો દઢ હતો કે તેને ઝટ ખસેડવો મુશ્કેલ હતું.

આ રીતે એક તરફ પ્રાચીન લોકોનો એ વહેમ અને બીજી તરફ કુમારપાળની એ મૂગાં પશુઓ તરફની દયાવૃત્તિ એ બે વચ્ચે કેટલીકવાર ભારે અથડામણો ઊભી થતી. છતાં કુમારપાળ પોતાની બુદ્ધિને સ્થિર રાખી, આવેશમાં આવ્યા વિના જ તેનું નિરાકરણ શોધતો અને તે કામમાં આચાર્યની પણ સલાહ લેતો.

એક પ્રસંગની વાત છે કે, આસો મહિનાના શુક્લપક્ષના દિવસોમાં એટલે નવરાત્રમાં રાજમાન્ય કંટેશ્વરીદેવી અને બીજી રાજરક્ષક દેવીઓને પશુઓનો બલિ પરંપરાથી ચડયા કરતો, એથી નવરાત્ર પાસે આવતા તે તે દેવીઓના પૂજારીઓએ રાજા પાસે આવીને જણાવ્યું કે

"મહારાજા! આપણા વડિલોના નિયમ પ્રમાણે નવરાત્રને પ્રથમ દિવસે રાજપ્રજાપાલક એ આપણી જગદંબાઓને રાજા તરફથી તેના રાજ્યના અને પ્રજાના ક્ષેમકુશળ માટે સો બકરાં અને સો પાડા

ચડાવવા જ જોઈએ, બીજે દિવસે બસ્સેં; અને એ પ્રમાણે જેટલામો દિવસ હોય તેટલાં બકરાં અને પાડા નવ દિવસ સુધી ચડાવવાનાં છે– છેક છેલ્લે દિવસે નવસેં બકરાં અને નવસેં પાડા હાજર રહેવાં જોઈએ."

"આવી વ્યવસ્થા હોય તો જ એ માતાઓનાં ખપ્પર ભરાય અને આપનું તથા દેશનું ક્ષેમકુશળ રહ્યા કરે, નહિ તો એ દેવીઓ કોપે: એથી દેશભરમાં ભારે ઉત્પાત થાય, તેમાં રાજા કે પ્રજાને ભારે હાનિ પહોંચે. આ બલિદાનની રીત કંઈ આજ-કાલની નવી નથી. એ તો સોલંકીઓના મૂળ પુરુષે પ્રવર્તાવેલી છે. માટે આપ આમાં હા ના કરો એ કાંઈ ઠીક ન કહેવાય."

૨૩

રાજાની ગૂંચનો ઉકેલ

રાજાએ નવો જ ધર્મ સ્વીકારેલો; પશુવધ અટકાવવાનાં તાજાં ફરમાનો કાઢેલાં અને તે બાબતની ઘોષણાઓ પણ કરાવેલી. પરંતુ આ તો ઘરની વાત આવી અને વળી તેમાં રાજ્યના વૃદ્ધ પુરુષોનો તથા બીજા રાજકુટુંબીઓનો ખાસો ટેકો હતો.

એટલે આ ગૂંચનો જાતે નિકાલ થવો વિશેષ કઠણ લાગ્યો. તેથી આ બાબત તેણે હેમચંદ્રની સલાહ મેળવવા સત્વર વ્યવસ્થા કરી

ઉચિત સલાહ મળતા જ તેણે પોતાની પાસે આવેલા પુરોહિતોને—પંડા અને પૂજારીઓને તેમના કહેવા પ્રમાણેની વ્યવસ્થા કરવાની [illegible]

રાજાએ જાતે પોતાની દેખરેખ નીચે નવરાત્રને પ્રથમ દિવસે રાત્રે સો બકરાં અને પાડા તે તે દેવીઓના મંદિરમાં મૂકવાની ગોઠવણી કરી. મંદિરમાં પશુઓને પૂર્યાં, પછી તેના દરવાજા મજબૂત રીતે બંધ કરાવ્યા; અને મંદિરની આજુબાજુ ચારે તરફ ચોકીઆત તરીકે પોતાના ખાસ વિશ્વાસુ રજપૂતોને રોકવામાં આવ્યા.

બીજે દિવસે સવારે જ્યારે રાજા દેવીઓના દર્શને મંદિરમાં આવ્યો અને દરવાજા ઉઘડાવ્યા તો તેણે જોયું કે મંદિરમાં પૂરી રાખેલાં તે બધાં પશુઓ સુખપૂર્વક ચરતાં હતાં. અને મંદિર જેવા એ સુરક્ષિત સ્થાનમાં રાત્રે સારી નિદ્રા આવેલી હોવાથી તાજાંમાજાં થયેલાં જણાતાં હતાં. આ જોઈને તેણે પૂજારીઓને કહ્યું :

"જુઓ, મેં તો જગદંબાઓને આ જાનવરો ધરી દીધાં હતાં. દેવીઓ તેમને ખાવા ઇચ્છત તો તેઓ બધાંને ખલાસ જ કરી નાખત; પણ આ પરમ કૃપાળુ જગદંબાઓએ એમ નથી કર્યું. તેથી એમ ચોક્ખું જણાય છે કે આ દેવીઓને માંસભોજન કોઈ રીતે ઈષ્ટ નથી. તેમને તેમાં કોઈ પ્રકારનો આનંદ જ નથી આવતો. આ તો તમારૂં જ પાખંડ જણાય છે.

"હે પૂજારીઓ! તમને માંસભોજન ખૂબ પસંદ પડે છે તેથી આવું દેવીને નામે ખોટું તર્કટ ઊભું કરી

હજારો મૂંગાં પ્રાણીઓનો તમે જાતે વધ કરો છો એ કેટલું બધું નિંદનીય છે!

"તમારી જનોઈઓ લાજી મરે છે. આ તમારી માળાઓ અને ટીલાંટપકાં ભોઠાં પડે છે. હવે તમારૂં આ તર્કટ નહિ જ ચાલે. માટે હવે તમે શાંત થાઓ. સાત્વિક થાઓ અને ફરીવાર મારી પાસે 'માર' એવો શબ્દ જ ન ઉચ્ચારતા. આ બાબત બરાબર સાવધાનતા રાખશો નહિ તો તમારાં વર્ષાસનો બંધ થશે અને ફજેતી થશે એ વધારામાં. હવે હું ધર્મને નામે પશુવધને કદી પણ ચલાવી લેનાર નથી."

આ સાંભળી પૂજારીઓ શરમાઈ ગયા અને તેઓએ પોતાને હાથે બધાં પશુઓને મુક્ત કર્યાં. છેવટે દેવીઓને અન્નનું નૈવેદ્ય ધરાયું જે પાછળથી અનાથ નિરાશ્રિત અપંગ લોકોને વહેંચી દેવામાં આવ્યું; અને પછી તો એ રવૈયો શરૂ પણ થઈ ગયો.

૨૮

હેમચંદ્રના યોગથી કુમારપાળનું વધતું જતું સદ્વર્તન

આચાર્ય હેમચંદ્રના સદુપદેશની અસરને લીધે રાજા કુમારપાળમાં ન્યાયવૃત્તિ, કરુણાવૃત્તિ તથા પ્રજા તરફની કર્તવ્યબુદ્ધિ વગેરે અનેક ગુણો વધુને વધુ ખીલવા લાગ્યા. તેના રાજ્યમાં કેટલાય લોકો પશુ-પક્ષીઓની સાઠમારી ઉપર જ જીવનારા હતા. તેઓ મેંઢા, પાડા, કૂકડા વગેરેને લડાવી લડાવીને તેદ્વારા કમાણી કરતા હતા.

એ રીતે કમાણી મેળવતાં પ્રતિવર્ષ અનેક મેંઢા, પાડા, કૂકડાનો નાશ થયા કરતો અને પ્રજામાં પણ કઠોરતાની અસર વધ્યે જતી. વનમાં સ્વતંત્રપણે વિહરતાં પક્ષીઓનાં બચ્ચાંને પકડી પકડીને તેના વેચાણદ્વારા પણ કેટલાક લોકોનો જીવનનિર્વાહ ચાલતો.

આ બધી નિર્દયતાવાળી પ્રવૃત્તિઓને રોકવા તેણે રાજ્યખંધારણો ઘડ્યાં. અને પોતાના આખા

રાજ્યમાં આવું નિર્દય વર્તન કોઈ ન ચલાવે તેની સંભાળ માટે પાકો બંદોબસ્ત પણ કર્યો.

જે લોકો એ જ ધંધા ઉપર જીવતા હતા તેને યોગ્ય ધન આપી, જમીન આપી બીજા ધંધા તરફ યોજ્યા; અને એ રીતે મેંઢા, પાડા કે કૂકડાના લોહીથી ખરડાતાં મેદાનોને તેણે મોટા મોટા આરામોના રૂપમાં ફેરવી નાખ્યા.

પ્રજાની ખેતીસમૃદ્ધિ વધે તે માટે રાજા કુમારપાળે પશુઓ ઉપરનો કર—પૂંછડા વેરો—રદ કર્યો, ગાડાં કે બીજાં વાહનો ઉપરનો ટોલ મૂકી દીધો; તથા આ સિવાય બીજા એવા અનેક અનિષ્ટ વ્યાપારોને રદ કરી, તેદ્વારા રાજ્યમાં આવતું અઢળક ધન પણ જતું કર્યું. દુઃખી જૈનો કે બીજાઓને યોગ્ય પ્રસંગે સહાયતા પહોંચાડવાનું તે કદી ચૂકતો નહિ. વળી તેણે પોતાના રાજ્યમાં સ્થળે સ્થળે એવાં અનેક અન્નસત્રો બેસાડેલાં કે જ્યાં દરેક અર્થી અન્ન મેળવી શકે. અર્થાત 'તેના આખા રાજ્યમાં કોઈ ભૂખ્યો ન રહે' એવી દાનની સુંદર વ્યવસ્થા તેણે ગોઠવી દીધી

આ અને આવી બીજી સુંદર પ્રવૃત્તિઓને કારણે કુમારપાળને, પ્રજા તેને 'શરણાગતત્રાતા' કહેતી અને તેના વચનને યુધિષ્ઠિરના સત્ય જોડે સરખાવતી.

હેમચંદ્ર તરફ રાજા કુમારપાળની અચળ શ્રદ્ધા

આચાર્ય હેમચંદ્ર સાથે રાજા કુમારપાળનો ધર્મપરિચય જેમ જેમ વધતો ગયો તેમ તેમ રાજા કુમારપાળની હેમચંદ્ર તરફની શ્રદ્ધા વિશેષ ને વિશેષ દૃઢ થવા લાગી.

હેમચંદ્ર પણ રાજાની એ શ્રદ્ધાનો વધારે ને વધારે સદુપયોગ જ કરતા. એવી અચળ શ્રદ્ધાને પરિણામે રાજા કુમારપાળને જૈનધર્મનાં બંધારણો વધુને વધુ રુચિકર થવા લાગ્યાં. પોતે પણ તે પ્રમાણે વર્તવાને સદા ઉત્સુક રહેતો. 'કોઈનું કાંઈ છીનવી લેવામાં કે માત્ર વિજયમદને કારણે લડાઈ કરવામાં મહાપાપ છે.'—એ વસ્તુ તેના મનમાં બરાબર બેસી ગઈ હતી.

માટેજ શૂરવીર રાજા કુમારપાળ લોભ કે અહંતાને વશ થઈ લડાઈ લડવા કદી રાજી ન થતો; તેથી બીજા કેટલાક લુબ્ધ અને ઉન્મત્ત રાજાઓ તેની આ પરિસ્થિતિનો લાભ લઈ તેના ઉપર ધસારો લઈ જવાનો વિચાર કરતા. પણ આવી રીતે અચાનક ધસી આવતા લોભી રાજાઓને તે કદી શિક્ષા કર્યા વગર ન રહેતો. અને આવા કેટલાય પ્રસંગોમાં આચાર્ય હેમચંદ્ર ઉપરની તેની અખૂટ શ્રદ્ધા પણ સારી સહાય આપતી. આવા એક પ્રસંગની વાત નીચે પ્રમાણે છે:

૨૫

હેમચંદ્રનુ અદ્‌ભુત સામર્થ્ય

રાજા કુમારપાળે પોતાના દૂતોદ્વારા જાણ્યું કે કલ્યાણકટકનો રાજા તેના ઉપર અચાનક ધસવાનો વિચાર કરે છે અને તે માટે તે ગૂજરાત તરફ પ્રયાણ પણ કરી ચૂક્યો છે.

કુમારપાળે વિચાર્યું કે આ યુદ્ધમાં લાખો માનવો અને પશુઓનો સંહાર થયા વિના રહેવાનો નથી; અને એ સંહાર પણ તદ્દન નકામો જ છે. તો કોઈ પ્રકારે આ સંહાર અટકે એ માટે તેણે આચાર્યની સલાહ પૂછી. આચાર્ય ઉપર તેની શ્રદ્ધા ખૂબ જ હતી.

આચાર્યે તેને સાંત્વન આપતાં કહ્યું: રાજન! આ પ્રસંગે જરા પણ ગભરાવાનું કારણ નથી, તમે તો શૂરવીર છો, ગમે તેવા બળિયાને પણ બાંસેલો કરી શકવા સમર્થ છો; છતાં આ નકામો સંહાર અટકાવવા જે તમો વિચારો છો તે અતિ પ્રશંસનીય

"તમને હું મારા અસંદિગ્ધ દિવ્યજ્ઞાનથી જણાવી શકું છું કે આ પ્રસંગે તમારે હથિયાર ઉઠાવવાં જ નહિ પડે. જે સંહારની તમે કલ્પના કરો છો તે આપોઆપ અટકી જશે. એ લડવાને નીકળેલો રાજા ગૂજરાત સુધી પહોંચી શકવાનો જ નથી; પણ અધવચ્ચે જ લટકી રહેવાનો છે."

આ સાંભળી કુમારપાળ વધુ મુંઝવણમાં પડ્યો. આ વખતે આચાર્ય ઉપરની તેની શ્રદ્ધાની ખરી કસોટી હતી. એક તરફ ન્યાયપૂર્વક લડવાનો ક્ષત્રિયધર્મ તેને આવા અન્યાયી રાજાને દંડ દેવાનું સૂચવતો હતો ત્યારે બીજી તરફ આચાર્ય હેમચંદ્રનું વચન તેને તેમ કરવાને નિષેધતું હતું.

વળી, હેમચંદ્રે બતાવેલા ભવિષ્યની શ્રદ્ધામાં ને શ્રદ્ધામાં રાજા તણાય અને કશી તૈયારી ન કરે તો લોકાપવાદનો પણ તેને ભારે ભય હતો. આવા ધર્મસંકટમાં તેણે ગંભીરપણે વિચારી આ પ્રસંગે એક અખતરો કરવાની ખાતર પણ પોતાની શ્રદ્ધામાં લેશ પણ ઊણપ ન આવવા દીધી; અને થનાર લડાઈની કશી ચિંતા ન કરતાં નિત્ય નિયમ પ્રમાણે તે પોતાની શ્રદ્ધા ઉપર અચળ રહ્યો.

આ પરિસ્થિતિને હજુ એક જ અઠવાડિયું થયું હતું ત્યાં તો 'કલ્યાણકટકનો રાજા અવસાન પામ્યો છે' તેવા ચોક્કસ સમાચાર રાજદૂતો લાવ્યા.

આ હકીકત જાણતાં જ કુમારપાળને શ્રદ્ધાની કિંમત સમજાઈ, ધીરજ અને શાંતિની મહત્તા તેના હૃદયમાં છેક ઊંડી ઊતરી ગઈ. તેણે ધાર્યું કે શ્રદ્ધાપૂર્વક ધીરજ કે શાંતિ ન રાખી હોત અને લડાઈની ધમાધમમાં ફસાયો હોત તો લડનારો આવતાં આવતાં પણ અહીં જ કેટલો બધો નકામો સંહાર થઈ જાત અને દેશમાં અશાંતિ ફેલાત તે જુદી. આવે બીજે પ્રસંગે પણ આચાર્યે પોતાની દિવ્યવિદ્યાના બળે રાજા કુમારપાળને લડાઈ કરતો અટકાવી દેશની શાંતિ સુરક્ષિત રાખી હતી.

તે પ્રસંગ ગીઝનીના ઝનુની મુસલમાન સુલતાન અને કુમારપાળની વચ્ચેનો હતો. આચાર્યે એવે અણીને વખતે પોતાની વિદ્યાશક્તિનો ઉપયોગ માં ન લીધો હોત તો ભારે યુદ્ધ થાત, લાખોનો સંહાર થાત, ગૂજરાત માતાનું સૌભાગ્ય ખંડિત થાત અને એક બીજા વચ્ચે વેરની પરંપરા વધ્યા કરત.

પણ હેમચંદ્રનું જ્ઞાન અને કુમારપાળની શ્રદ્ધા એ બન્નેના સ્નેહસંમેલનયોગ આવા ને આવા કેટલાયે અનર્થો અટકી જવા પામેલા.

હવે તો આચાર્ય તરફની કુમારપાળની શ્રદ્ધામાં દિનપ્રતિદિન વૃદ્ધિ થવા લાગી; પણ એ શુદ્ધ શ્રદ્ધામાં [illegible] હતી એમ કોઈ ન સમજે

૨૬

હેમચંદ્રનું ધન્વંતરિકૌશલ

હેમચંદ્ર વિદ્વાન હતા, ત્યાગી હતા. સમયસૂચક હતા, તેવા જ તે એક સિદ્ધહસ્ત ધન્વંતરિ પણ હતા. તેઓ પોતાના મનોબળના પ્રયોગોથી રોગોને શમાવવાનું અદ્‌ભુત સામર્થ્ય ધરાવતા હતા ઔષધિઓની પણ તેમને સરસ માહિતી હતી. પરંતુ ઔષધોપચાર કરતાં મનોબળનો ઉપચાર તેમને મન અધિક નિર્દોષ અને રામબાણ જણાયો હતો.

આથી કેટલેક પ્રસંગે તેમણે રોગોના શમન માટે પોતાના મનોબળના પ્રયોગો કરી બતાવ્યા હતા. કહેવાય છે કે સોલંકી વંશનો મૂળપુરુષ મૂળરાજ કુષ્ઠી હતો તેથી સોલંકી વંશના રાજાઓમાં એ રોગ વારસાઉતાર ઉતરી આવેલો. આને પરિણામે રાજા કુમારપાળને પણ કોઢ ની

કુમારપાળનો એ અસહ્ય અને મહાદુઃખકર કોઢ આચાર્ય હેમચંદ્રે પોતાની મનઃશકિતના બળે શમાવી દીધો અને તેની કાયા કંચનવર્ણી કરી દીધી.

વળી, એકવાર ઉદયન મંત્રીનો પુત્ર આંબડ (આમ્રભટ) શ્રીમુનિસુવ્રત ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતાં બહુ માંદો પડી ગએલો; તેને પણ પોતાની યોગશકિતના બળે આચાર્યે તાજેમાજે કરી દીધો હતો.

આંબડ પથારીવશ હતો; અને ઊઠી શકતો નહિ તેથી પોતાના શિષ્ય યશશ્ચંદ્રને સાથે લઈ હેમચંદ્ર આંબડ પાસે પહોંચ્યા અને તેને નિરોગી કર્યો.

તેમણે 'વદ્યકનિઘંટુ' નામનો વૈદ્યક શબ્દકોશ બનાવીને પણ પોતાની કુશળ વૈદ્ય તરીકેની સાબીતી કરી આપી છે.

આ. રીતે જીવિતદાન દેનાર આચાર્ય, કુમારપાળ વગેરેને મન પ્રભુના અવતાર જેવા જણાવા લાગ્યા.

૨૭

આચાર્ય અને રાજાની મહત્ત્વાકાંક્ષા
ગુરુ દેવચંદ્રની ટકોર

રોગાદિક અનેક વિઘ્નોથી બચી ગએલા રાજા કુમારપાળને એકવાર એવો વિચાર થયો કે 'પર-દુઃખભંજન રાજા વિક્રમની પેઠે કાયમને માટે અમર થાઉં તો ઠીક; મારી પોતાની કીર્તિ વર્તમાનમાં તો છે; પણ એવી જ કીર્તિ ભવિષ્યમાં પણ કાયમ રહે એવો કાંઈક પ્રયત્ન થાય તો ધારેલો મનોરથ જરૂર સફળ થાય.'

તેણે વિચાર્યું કે મારા ગુરૂ આચાર્ય હેમચંદ્ર આ બાબત જરૂર કોઈ વ્યવહારુ માર્ગ બતાવી શકશે. તેથી તેણે રાજમંત્રીને મોકલીને આચાર્યની મુલાકાત લીધી અને તેમની સમક્ષ પોતાનો એ સંકલ્પ નમ્રપણે

હાજરજવાબી આચાર્યે એ માટે બે માર્ગ બતાવ્યા: એક તો આખી પૃથ્વીને કરજના ભારથી મુક્ત કરીને રાજા વિક્રમની પેઠે પોતાનો — કુમારપાળનો — સંવત ચલાવવાનો, અને બીજો રાજમાન્ય સોમનાથ મહાદેવના દેવાલયનો જીર્ણોદ્ધાર કરી શિલાલેખદ્વારા નામને ટકાવી રાખવાનો.

આખી પૃથ્વીને કરજ મુક્ત કરવાનું કામ ખૂબ ધન હોય તો જ સાધી શકાય; પણ એટલું બધું ધન ક્યાંથી લાવવું? એથી હેમચંદ્રે સોમનાથ મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની સૂચના માન્ય રાખવા રાજાને જણાવ્યું. રાજાની મહત્ત્વાકાંક્ષા ખૂબ સતેજ થઈ હતી. તેને મન જમીનમાં દટાએલો કે મંદિરમાં કોતરાએલો શિલાલેખ જગતમાં પોતાની નામના અમર કરી શકે કે કેમ, એ સંદિગ્ધ હતું. એથી તેણે તો પોતાનો સંવતનો કોડ આચાર્યને ફરીફરીને જણાવ્યો અને તેને પાર પાડવા તેમની પાસે સહાયતાની માગણી કરી.

અહીં કર્મશાસ્ત્રના જાણકાર આચાર્ય બીજું બૂઝ્યા અને કુમારપાળની માગણીને વશ થઈ તેને કહેવા લાગ્યા કે "આ માટે એક માર્ગ મારા ધ્યાનમાં છે એ તે યુક્તિ સફળ થાય તો સારો એમ છે."

તેમણે કુમારપાળને જણાવ્યું કે "મારા ગુરુ દેવચંદ્ર સૂરિને તાંબામાંથી સોનું કરતાં મેં નાનપણમાં જોએલા છે. જો આપણે તેમને અહીં બોલાવી શકીએ અને આપણી પ્રાર્થના તેમને ગળે ઊતારી શકીએ તો કદાચ આપણું ધાર્યું પાર પડી જાય."

રાજા તેમાં સંમત થયો અને પાટણના જૈન સંઘે તથા સર્વ પ્રજાએ આચાર્યની એ સૂચના સ્વીકારી. તેથી જૈન સંઘના નામે શ્રીદેવચંદ્રસૂરિને પાટણમાં આવવાના સમાચાર શીઘ્ર પહોંચાડવામાં આવ્યા. સંઘનું આમંત્રણ મળતાં જ પોતાની આધ્યાત્મિકશુદ્ધિની સાધનાને પડતી મૂકીને પણ સૂરિજી તાબડતોબ પાટણ આવી પહોંચ્યા. શિષ્ય હેમચંદ્રે તેમને પરાભક્તિથી સતકાર્યા સન્માન્યા; તેમ રાજા કુમારપાળે અને પાટણના લોકોએ પણ તેમનો ભારે આદર કર્યો.

પાટણની પૌષધશાળામાં તે મહાન તપસ્વી ગુરુ દેવચંદ્રની સમક્ષ મનુષ્ય જાતને ઋણમુક્ત કરવાનો કુમારપાળનો સંકલ્પ અને તેદ્વારા થતી જૈનધર્મની અસાધારણ પ્રભાવના વિશે આચાર્યે પોતાના વિચારો બહુ નમ્રતાથી રજુ કર્યા. અને તે માટે પોતે નાનપણમાં જોએલી સુવર્ણસિદ્ધિવાળી હકીકતની તેમને યાદી આપી સહાયતા કરવા આજીજી કરી.

ગંભીર આચાર્ય દેવચંદ્રજી આવા નજીવા મોહપૂર્ણ કારણને લીધે પોતાની અગત્યની લોકોત્તર સાધનામાં પોતાના જ શિષ્યે પાડેલા ભંગ માટે તો ગમ ખાઇ ગયા; પણ પોતાના ફરજંદ આચાર્ય હેમચંદ્રની અકલ્પનીય તુચ્છતા વિશે તેમને ભારે ગ્લાનિ થઇ આવી.

આ બાબત તેમણે હેમચંદ્રને ઘણો ઠપકો આપ્યો. અને લૌકિક વાહ વાહ મેળવવા કરતાં [illegible] પ્રતિષ્ઠા મેળવવા કેમ ઉદ્યત થવું તે [illegible] વધારે સાવચેતી આપી પોતે તુરત જ પાટણ [illegible] તેમણે રાજાને પણ એ [illegible] અને જીવનની વિશદતા તરફ જ [illegible]

[illegible] પણ ખરી વાત પામી ગયા;
[illegible] મહત્ત્વાકાંક્ષા તરફ અને
[illegible] થએલી પોતાની
[illegible] આવી.
[illegible] હેળવવા વિશેષ
[illegible] કે રાજ-
[illegible] ફરીને ફસાઈ
[illegible] ગયો. આથી
[illegible] પડનો મૂકી
[illegible] કરવાની મુત-

તૃષ્ણામાં તણાયા, તે માટે જે અનેક સંકલ્પ વિકલ્પો કર્યા તથા ગુરુજીને ધ્યાનભંગ કર્યા વગેરે પોતાની પ્રવૃત્તિઓ માટે વારંવાર પસ્તાવો કરવા લાગ્યા અને હવે પછી " जयं चरे जयं चिट्ठे " જેવું પોતાના ગુરુજીએ કહેલું બરાબર ધ્યાનમાં લઈ તે પ્રમાણે અનાસક્ત રીતે પોતાનો જીવનપ્રવાહ વાળવા પણ કટીબદ્ધ થવાને તત્પર થયા.

૨૮

સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર

ગુરુના ગુરુ ગયા પછી કુમારપાળ તો આખો જ બની ગયેલો. તેને આવા નિઃસ્પૃહ પુરુષની વૃત્તિનો ખ્યાલ ક્યાંથી આવે ? પણ હેમચંદ્રે તેને ગેરસમજ ન થાય તેવી રીતે આ બધી હકીકત તેના મનમાં સારી રીતે ઠસાવી અને છેવટે સોમનાથના જીર્ણ મંદિરનો ઉદ્ધાર કરવાનું કુમારપાળને સૂચવ્યું: અને રાજાએ પણ પોતાનું મન મનાવી તેમાં જ સમાધાન માન્યું.

તે વખતે સોમનાથપાટણનું મહાદેવનું મંદિર કાષ્ઠનું હોઈ જીર્ણપ્રાય થઈ ગયેલું હતું. તેને સ્થાને પથ્થરનું એક મોટું ભવ્ય પ્રાસાદ બંધાવી કુમારપાળે પોતાની નામના કાયમ રાખી એ વાત

છેવટે નક્કી થઈ. એ મંદિરના બાંધકામ માટે રાજાએ પોતાના ખાસ સ્થપતિઓ, શિલ્પિઓ વગેરેને તુરત જ પ્રભાસપાટણ મોકલી આપ્યા અને તે માટે જે માલ વપરાય તે સારામાં સારો મજબૂત હોવો જોઈએ એની દેખરેખ માટે યોગ્ય અધિકારીને ત્યાં નીમી દીધો.

આચાર્ય હેમચંદ્રે રાજાને કહ્યું કે, "મહારાજા! 'શ્રેયાંસિ બહુવિઘ્નાનિ' હોય છે; માટે આપે આવા માંગલિક કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ માટે તે પૂરું થાય ત્યાં સુધી કોઈ એક મંગલરૂપ અનુષ્ઠાન કરવું જ જોઈએ. તો તમે એ પ્રાસાદ પૂરો થતાં સુધી અખંડ બ્રહ્મચર્ય સાચવી રાખો તો એ સારામાં સારું અનુષ્ઠાન છે."

જ્યારે બે વર્ષે એ પ્રાસાદ પૂરો થયાના ખબર આવ્યા ત્યારે તુરત જ હેમચંદ્રે રાજાને બોલાવીને ફરી વાર કહ્યું કે "જ્યાં સુધી એ મંદિરના શિખર ઉપર તમો ધ્વજદંડ ન ચડાવો, ત્યાં જઈને સોમનાથ મહાદેવની પ્રતિષ્ઠા કરી તેમની પૂજા કરો ત્યાં સુધી તમારે પૂર્વની પેઠે અખંડ બ્રહ્મચર્ય પાળવાનું જ છે."

પણ રાજાને આ અનુષ્ઠાન હવે વધારે વખત ટકાવવું આકરું લાગ્યું તેથી તે તુરત જ સોમનાથની યાત્રાએ કાઠિયાવાડ તરફ નીકળી આવ્યો અને

પોતાના ગુરુ હેમચંદ્રને પણ સોમનાથની યાત્રાએ આવવાનું નોતરું દેતો ગયો.

આચાર્ય વલભી-વળા, શત્રુંજય, ગિરનારની યાત્રા કરતા કરતા જેવો રાજા સોમનાથ પહોંચ્યો તેવા જ ત્યાં પહોંચી ગયા. ત્યાં જઈ સોમનાથને દર્શને આવી આચાર્યે અપૂર્વ ભક્તિદ્વારા શ્રીસોમનાથ મહાદેવની સ્તુતિ કરી અને તેમના તરફની પોતાની ભક્તિ વ્યક્ત કરી.

રાજાએ પણ સોમનાથની વિધિવત પૂજા કરી પોતાનું કલ્યાણ વાંછ્યું. આ રીતે આચાર્ય હેમચંદ્રે રાજા કુમારપાળને જૈનધર્મમાં દૃઢ કરવા ઘણા પ્રસંગો સાધી ગૂર્જરાતમાં જૈનધર્મને સુરક્ષિત કર્યો, દીર્ઘજીવી કર્યો તથા એદ્વારા સારા ગૂર્જરાતમાં એક શાંતિદૂતનું કામ કર્યું.

૨૯

પ્રજાપાલક હેમચંદ્ર

એક વાર હેમચંદ્ર, ગોચરીએ — ભિક્ષાવૃત્તિ માટે — ફરતા ફરતા કોઈ એક ગરીબ શ્રાવકને ત્યાં આવી ચડયા. એ શ્રાવકે તેમને ઘણા ભાવ સાથે જારની ઘેંશ વહોરાવી; અને ખાદીનું જાડું થાન દાનમાં આપ્યું.

હેમચંદ્ર તો રાજગુરુ હતા એટલે તેમને આવી ઘેંશ અને જાડું કાપડ લેવાનો પ્રસંગ ભાગ્યે જ આવતો. છતાં એ ગરીબ શ્રાવકે આપેલું દાન તેમણે ઘણી ખુશીથી લઈ લીધું. તેઓ પોતાને ઉતારે આવી એ ઘેંશ આનંદપૂર્વક આરોગી ગયા અને એ ખાદીનું કપડું ઓઢી, બપોરની ચર્ચામાં રાજા સમક્ષ આવી બેઠા.

પોતાના ગુરૂ હેમચંદ્રને પણ સોમનાથની યાત્રાએ આવવાનું નોતરૂં દેતો ગયો.

આચાર્ય વલભી-વળા, શત્રુંજય, ગિરનારની યાત્રા કરતા કરતા જેવો રાજા સોમનાથ પહોંચ્યો તેવા જ ત્યાં પહોંચી ગયા. ત્યાં જઈ સોમનાથને દર્શને આવી આચાર્યે અપૂર્વ ભક્તિદ્વારા શ્રીસોમનાથ મહાદેવની સ્તુતિ કરી અને તેમના તરફની પોતાની ભક્તિ વ્યક્ત કરી.

રાજાએ પણ સોમનાથની વિધિવત પૂજા કરી પોતાનું કલ્યાણ વાંછ્યું. આ રીતે આચાર્ય હેમચંદ્રે રાજા કુમારપાળને જૈનધર્મમાં દઢ કરવા ઘણા પ્રસંગો સાધી ગૂજરાતમાં જૈનધર્મને સુરક્ષિત કર્યો, દીર્ઘજીવી કર્યો તથા એદ્વારા સારા ગૂજરાતમાં એક શાંતિદૂતનું કામ કર્યું.

૨૯

પ્રજાપાલક હેમચંદ્ર

એક વાર હેમચંદ્ર, ગોચરીએ — ભિક્ષાવૃત્તિ માટે — ફરતા ફરતા કોઈ એક ગરીબ શ્રાવકને ત્યાં આવી ચડયા. એ શ્રાવકે તેમને ઘણા ભાવ સાથે જારની ઘેંશ વહોરાવી; અને ખાદીનું જાડું થાન દાનમાં આપ્યું.

હેમચંદ્ર તો રાજગુરુ હતા એટલે તેમને આવી ઘેંશ અને જાડું કપડ લેવાનો પ્રસંગ ભાગ્યે જ આવતો. છતાં એ ગરીબ શ્રાવકે આપેલું દાન તેમણે ઘણી ખુશીથી લઈ લીધું. તેઓ પોતાને ઊતારે આવી એ ઘેંશ આનંદપૂર્વક આરોગી ગયા અને એ ખાદીનું કપડું ઓઢી, બપોરની ચર્ચામાં રાજા સમક્ષ આવી બેઠા.

રાજાએ આચાર્યના મુખ ઉપરની ગાઢ ગંભીરતા પારખીને તેમને જણાવ્યું કે "ગુરુજી! આજે આપ આટલા બધા ગંભીર કેમ છો?" આચાર્યે જણાવ્યું કે "જ્યારે રાજા, પ્રજા તરફનો પોતાનો ધર્મ ચૂકે ત્યારે અમે અકિંચન લોકો ગંભીર થયા સિવાય બીજું શું કરી શકીએ?"

રાજા ગભરાયો. અને હેમચંદ્રને પગે પડીને વીનવવા લાગ્યો કે [illegible] વાક [illegible] અને શરીરને [illegible] ની [illegible]

એવું કરીને શું કરશો? શું એ ધનને છાતીએ બાંધીને સાથે લઇ જવાના છો? તમો રાજધર્મ ચૂકશો તો 'નરકેસરીને' બદલે 'નરકેશ્વરી' થવાના એ ન ભૂલશો. ખરી વાત તો એ છે કે તમો જાતે નગરમાં ફરી ફરીને લોકચર્યા જુઓ; તો તમોને જણાશે કે તમારી આ રાજધાનીમાં જ કેટલી બધી ગરીબી છે? તમારે એનો પાકો બંદોબસ્ત કરવો ઘટે.

"એક સ્થળે તો સોનાની લગડીઓ ભરી પડી છે અને બીજે સ્થળે ખાવા માંડ ઘેંશ મળે છે. એ ક્યાંનો ન્યાય? જ્યાં સુધી એ બાબત પાકો બંદોબસ્ત ન થાય ત્યાં સુધી હું તો રોજ ઘેંશ ખાવાનો અને આવું જ કાપડ પહેરવાનો."

રાજાને પોતાની ભૂલ સમજાઈ; પોતે ગદગદ થઈ ગુરુને નમી પડ્યો અને આ બાબત તાબડતોબ વ્યવસ્થા કરવાની પ્રતિજ્ઞા પણ કરી.

રાજભવનમાં પહોંચતાં જ પોતાના ખજાનચીને બોલાવી તેણે જણાવ્યું કે "આપણા નગરમાં જે લોકો ગરીબીના કારણે હેરાન થાય છે તે બધાંની તપાસ કરી તેમને પૂરતા ધનની સહાયતા આપો અને તેમને માટે યોગ્ય ધંધાનો પ્રબંધ પણ કરી આપો જેથી તેઓ પોતાનો સમય સુખપૂર્વક નિર્ગમી શકે. આ બાબત પૂરતી કાળજી રાખી તુરતમાં જ વ્યવસ્થા કરો."

આવું ફરમાન કાઢી રાજા કુમારપાળે હેમચંદ્ર પાસે આવી વિનંતી કરી કે "હવે આપ ઘેંશ છોડો;" છતાં આચાર્યે રાજાની વિનંતી માન્ય ન રાખી. હવે તેઓ તદ્દન સાદા ખોરાક અને કાપડ ઉપર રહેવા લાગ્યા અને પોતાના ગુરુની ભલામણ પ્રમાણે વિશેષને વિશેષ અંતર્મુખ થવાનો પ્રયત્ન નેવવા લાગ્યા.

આ ગને આચાર્ય હેમચંદ્રે રાજગુરુ કરતાં પ્રજાગુરુનું પદ જીવતાં સુધી વધારેમાં વધારે [illegible]

૩૦

હેમચંદ્રની કૃતિઓ

આચાર્ય હેમચંદ્રે સંસ્કૃતનું સાંગોપાંગ વ્યાકરણ, વ્યાપક પ્રાકૃત જૈન–આર્ષ–પ્રાકૃત પ્રાંતિક પ્રાકૃતો અને પ્રાચીન ગૂજરાતી ભાષાનું વ્યાકરણ, અલંકારશાસ્ત્ર, છંદઃશાસ્ત્ર, સંસ્કૃતનો મોટો કોશ, દેશીભાષાનો કોષ, વૈદ્યક નિઘંટુ વગેરે ગ્રંથો લખીને ગૂજરાતનું સાહિત્યદારિદ્ર્ય દૂર કર્યાની હકીકત ઉપર આવી ગઈ છે.

આ ઉપરાંત તેમણે સંસ્કૃતનું દ્વયાશ્રય કાવ્ય, પ્રાકૃતનું દ્વયાશ્રય કાવ્ય, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પરિશિષ્ટપર્વ, યોગશાસ્ત્ર, પ્રમાણમીમાંસા, અન્યયોગ-વ્યવચ્છેદ અને અયોગવ્યવચ્છેદને લગતી બત્રીશીઓ, વીતરાગસ્તોત્ર વગેરે અનેક ગ્રંથો લખ્યા છે.

સંસ્કૃત અને પ્રાકૃત દ્વયાશ્રયમાં કુમારપાળ સુધીના સોલંકી રાજાઓનો સવિસ્તર વૃત્તાંત આપેલો છે. એ વૃત્તાંતમાં સોલંકીઓનાં પરાક્રમો, બીજા રાજાઓ સાથેનાં તેમનાં શૌર્યયુદ્ધો, તેમણે કરાવેલા મોટા મોટા આરામ, વિહાર, તળાવ વગેરે પ્રજોપયોગી કાર્યો ઇત્યાદિ ખૂબ ચીવટથી નોંધાએલું છે. એ કાવ્યમાં એક તરફ ઉપર્યુક્ત ઇતિહાસની હકીકત ચાલી આવે છે અને બીજી તરફ પોતે બનાવેલા વ્યાકરણમાં ટાંકેલાં દરેક ઉદાહરણોની હારમાળા ગુંથાયેલી છે. આમ છે માટે જ તેનુ નામ દ્વયાશ્રય (બે આશ્રયવાળુ) મહાકાવ્ય છે વ્યાકરણના અને ઇતિહાસના અભ્યાસીને આ કાવ્ય બહુ ઉપયોગનુ છે.

ત્રિષષ્ટિ શલાકાપુરૂષ ચરિત્રમાં ચોવીશ [illegible] ચક્રવર્તીઓ, નવ બળદેવો, નવ વાસુદેવો અને [illegible] એમ ત્રેસઠ મહાપુરૂષોનાં [illegible] એ બધું નિરૂપણ [illegible] છે [illegible] તેપણ તેમાંથી ઘણો [illegible] એમ છે તેમાં [illegible] હેમચંદ્રનું સમાજ [illegible] છે તેમાં [illegible] [illegible]

સ્થિતિ એ બધું એ ચરિત્રમાં વર્ણવાયેલી હકીકતોમાં પદે પદે ભર્યું પડ્યું છે.

પરિશિષ્ટ પર્વમાં ભગવાન મહાવીરથી માંડી યુગપ્રધાન વજ્રસ્વામી સુધીનો વૃત્તાંત હેમચંદ્રે મૂકેલો છે. તેમાં એક અખંડ જૈન સંઘમાં પેદા થયેલા મતભેદો, શ્રુતપરંપરાનો વિચ્છેદ અને ઉદ્ધાર, દેશમાં પડેલી બાર દુકાળી, સાધુ સંઘની સંયમપરાયણતા અને શિથિલતા, સંઘની મહાસત્તા, મગધનો સમ્રાટ શ્રેણિક વા ભંભાસાર (બિંબિસાર) અજાતશત્રુ કોણિક, સંપ્રતિ, ચંદ્રગુપ્ત, અશોકશ્રી, નવનંદો, મૌર્યોની ઉન્નતિ અને અપકર્ષ, ગર્દભિલ્લની બળજબરી, શકોદ્વારા દેશનો ભંગ વગેરે અનેક ઐતિહાસિક બાબતો સંકળાએલી છે.

યોગશાસ્ત્ર તો રાજા કુમારપાળને જૈન ધર્મ સમજાવવા માટે લખાએલું હોય એમ તેના અંતિમ શ્લોકોદ્વારા માલુમ પડે છે. એમાં અહિંસા, સત્ય વગેરે સામાન્ય ધર્મો. માનવ ધર્મ, શ્રાવક ધર્મ, ગૃહસ્થોની ફરજો, રાજાની ફરજો અને સામાયિક વગેરે યોગ-સાધનાની પદ્ધતિઓ સમજાવેલી છે. એ પુસ્તક વાંચતાં આપણને માલુમ પડે છે કે હેમચંદ્ર તેમના જમાનામાં કેટલા બધા પ્રબળ સુધારક હતા.

એ ગ્રંથમાં વીશમી સદીમાં વર્ણવાય એવો ઓજાતિનો પ્રકર્ષ નોંધાએલો છે. જે જૈનો ધર્મને

નામે બાયલા બની કાયરપણામાં ધર્મ સમજવાની ભૂલ કરતા તેમને તેમની ફરજોનું સ્પષ્ટ ભાન કરાવેલું છે, કેટલાક જૈનો પોતાની કન્યાઓનાં સગપણો કરવામાં પાપનું ભૂત માની બેઠેલા. તેમને હેમચંદ્રે નાદાન કહી સમાજધર્મનો નાશ કરનારા અને જૈન ધર્મની હેલના કરાવનારા બતાવ્યા છે.

આ ઉપરાંત તેમાં રાજધર્મ ને નીતિધર્મને વ્યવહારુ રીતે સમજાવીને સમાજવ્યવસ્થા માટે ખાસ ભાર મૂકેલો છે; અને પોતપોતાની મર્યાદા પ્રમાણે ધર્માચરણનું વિધાન બતાવ્યું છે.

પ્રમાણમીમાંસા અને પેલી બત્રીશીઓમાં જૈન ન્યાયની સમજૂતી આપેલી છે. પ્રમાણમીમાંસા [illegible] વર્તમાનમાં પૂર્ણ મળતો નથી. [illegible] કુસુમાંજલિમ [illegible]ની સ્તુતિદ્વારા ન્યાયશાસ્ત્રને જે ઢબથી [illegible] તે ઢબથી એ બન્ને બત્રીશીઓમાં [illegible] ભગવાન મહાવીરની સ્તુતિદ્વારા તર્કસરણિને [illegible] જૈન ન્યાયના અભ્યાસીને આ ગ્રંથો જૈન [illegible] કરાવે એવા છે.

[illegible] આચાર્યે વીતરાગનું સ્વરૂપ [illegible] મનિ[illegible] ઓળખાવેલું છે. [illegible] પણ ભાન હૃદયને [illegible] છે.

-

૩૧

કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્ર

જેમ એક વિશાળ પુસ્તકાલયમાં રહેલાં અનેક વિષયોને લગતાં પુસ્તકો તેના વાચકને વિવિધ જ્ઞાન આપતાં રહે છે તેમ આચાર્ય હેમચંદ્ર એક મોટા જીવંત પુસ્તકાલય સમાન હોઈ પોતાના શ્રોતાઓને અનેક પ્રકારનું જ્ઞાન આપતા રહેતા.

વ્યાકરણ, છંદ, અલંકાર, વૈદક, ધર્મશાસ્ત્ર, રાજધર્મ, નીતિધર્મ, યુદ્ધશાસ્ત્ર; સમાજવ્યવસ્થાશાસ્ત્ર, ઇંદ્રજાળવિદ્યા, શિલ્પવિદ્યા, વનસ્પતિવિદ્યા, રત્નવિદ્યા, જ્યોતિષવિદ્યા, સામુદ્રિકશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, ધાતુપરિવર્તનવિદ્યા, સ્ત્રીઓની ચોસઠકળા અને પુરુષની બહોંતેરકળા, રતિશાસ્ત્ર, યોગવિદ્યા. મંત્ર, તંત્ર અને યંત્ર વગેરે અનેક વિદ્યાઓના તેઓ મહાસાગર હતા.

જેને જે વિષયની માહિતી જોઈએ તે, તેમની પાસેથી સુખેથી મેળવી શકતો. તેમના મઠમાં વિદ્યાર્થીઓની અને જિજ્ઞાસુઓની સદા ભીડ રહેતી.

તેમણે વિદ્યાદાનમાં ક્યાંય પણ સંકોચ બતાવ્યો હોય એવો એક પણ દાખલો હજી સુધી મળતો નથી. આટલી બધી વિદ્યાઓના સ્વામી છતાં ફળોથી લચી ગયેલા આંબાની જેમ તેઓ ભારે નમ્ર હતા, તિતિક્ષુ હતા અને સદા જિજ્ઞાસુની પેઠે જ સૌની સાથે વર્તતા રહેતા. તેમના ગ્રંથોની સર્જન શૈલી જ તેમની એ દૃષ્ટિની સાક્ષીરૂપ છે.

આવા વિદ્યાના મહાસાગર સમા સાધુપુરુષને તે કાળના લોક 'કલિકાળ સર્વજ્ઞ' કહે એ જરાયે વધુ [illegible]તું નથી. આજની ભાષામાં 'જીવંત વિશ્વકોશ' અને [illegible]ની ભાષામાં 'કલિકાળ સર્વજ્ઞ' એ બન્ને શબ્દો [illegible] ભાવના વાચક છે. એમના જેવા કલિકાળ [illegible] તે વખતે ગુજરાતનું ગૌરવ હતું. [illegible] છે

૩૨

હેમચંદ્રની માતૃભક્તિ

હેમચંદ્રની માતા પાહિની સાધ્વી થએલી અને તેમને 'પ્રવર્તિની' ની માનવંતી પદવી પણ મળેલી એ વાત ઉપર આવી ગઈ છે. તેમનું અવસાન થતાં તેમની ઉત્તરક્રિયા વખતે ખુદ આચાર્ય પોતે હાજર રહેલા; અને ભારે સન્માનપૂર્વક તેમની ઉત્તર ક્રિયા ઉજવાએલી.

તે પ્રસંગે કોઇ વિઘ્નસંતોષીઓએ એ ઉત્સવમાં વિઘ્નનો પથરો ફેંકવા ધારેલો; પણ હેમચંદ્રના પ્રભાવ પાસે એ લોકો હાથ ઘસતા જ રહ્યા. આચાર્યે પોતાની માતાની ઉત્તર ક્રિયા ભારે આકર્ષક રીતે ઉજવાવી.

મહાન વેદાંતી શંકરાચાર્ય સંન્યાસી હોવા છતાં પોતાની માતાની ઉત્તરક્રિયાને વખતે હાજર રહેલા તેમ, મહાન જૈનાચાર્ય હેમચંદ્ર સંન્યાસી હોવા છતાં માતાના અવસાન સુધી તેમના તરફનું પોતાનું કર્તવ્ય લેશ પણ ન ચૂક્યા.

હેમચંદ્ર નાનપણથી જ માતૃભક્ત હતા—પોતાની માતાના જ આદેશથી તે નાનપણમાં પણ દેવચંદ્ર પાસે રહ્યા; આચાર્ય થતાં જ માતાને આચાર્ય જેવી જ ઉત્તમ પદવી અપાવી તેમનું ગૌરવ વધાર્યું અને છેવટે તેમનું અવસાન થવા પર્યંત તેઓ પોતાની વહાલી માતાને ન જ ભૂલી શક્યા.

આ રીતે એક ઉદાર અને પ્રતાપી જૈનાચાર્યે કર્તવ્યનિષ્ઠારૂપે જે જાતની માતૃભક્તિ બતાવી છે તેને આજના જૈનાચાર્યો સમજી શકે તો કેવું સારું!

૩૩

હેમચંદ્રનું ઇન્દ્રજાળ

વર્તમાનમાં જેમ કેટલાક લોકો મેસ્મેરિઝમ-વિદ્યાના પ્રભાવથી અનેક પ્રકારના ચમત્કારો કરી બતાવે છે તેમ આચાર્યે પણ તેમના જમાનામાં ઇંદ્રજાળવિદ્યાદ્વારા ઘણા ચમત્કારો કરી બતાવ્યા હતા; અને તે ચમત્કારો પ્રજા અને રાજા સમક્ષ પણ રજૂ કર્યા હતા.

જ્યારે તેઓ સોમનાથના મંદિરમાં મહાદેવના દર્શને ગયા ત્યારે તેમણે તે મહાદેવના લિંગમાંથી એક ઝળહળતું સંન્યાસીનું રૂપ પ્રગટાવી તેદ્વારા રાજા કુમારપાળને પોતાના સામર્થ્યની વિશેષ પ્રતીતિ કરાવી હતી.

એક બે યુદ્ધના પ્રસંગોમાં પણ તેમણે આ વિદ્યાદ્વારા માનવસંહાર થતો અટકાવી શત્રુ રાજાને કુમારપાળને શરણે આણ્યો હતો.

તેમના સમયમાં એક દેવબોધિ નામે સંન્યાસી તેમનો પાકો હરીફ હતો. તેણે એ ઇંદ્રજાળ વિદ્યાના પ્રભાવે રાજા કુમારપાળને તેની સાત પેઢી, શિવની ઉપાસના કરતી સાક્ષાત બતાવી હતી; ત્યાર પછી આચાર્ય હેમચંદ્રે પોતે તદ્દન અદ્દર રહીને કુમારપાળની સાત પેઢી ઉપરાંત તેના સર્વ પૂર્વજો શ્રી જિન ભગવાનની ઉપાસના કરતા તેની સમક્ષ હાજર કરી દેખાડ્યા હતા.

જ્યારે આ જોઈને કુમારપાળ સંદેહમાં પડ્યો [illegible] તેમણે ઇન્દ્રજાળ વિદ્યાનો પ્રભાવ સમજાવી [illegible] ખુલાસો કર્યો હતો અને 'જ્યાં ચમત્કાર ત્યાં [illegible]ની લોકવાયકા તરફ તેનું ધ્યાન ખેંચ્યું [illegible]

૩૪

હેમચંદ્ર અને જૈન વિહારો

આચાર્યના ઉપદેશથી રાજા કુમારપાળે ઘણાંય લોકોપયોગી કાર્યો કર્યાં હતાં — અનેક આરામો, તળાવો, ધર્મશાળા અને વિહારો બંધાવી તેણે પોતાની સ્મૃતિ કાયમ રાખી છે.

ત્રિભુવનવિહાર, કુમારવિહાર, મૂષકવિહાર, કરંબવિહાર, દીક્ષાવિહાર, ઝોલિકાવિહાર વગેરે અનેક નાના મોટા વિહારો રચાવી તે કાળનું શિલ્પ આપણી સામે રજૂ કર્યું છે. ત્રિભુવનવિહાર પોતાના પિતાની સ્મૃતિ માટે અને કુમારવિહાર પોતાની સ્મૃતિ માટે તૈયાર કરાવેલા છે.

રાજા થતા પહેલાં રખડપટ્ટીમાં નાસભાગ કરતાં કુમારપાળે એક વાર મૂષક (ઉંદર)ના દરમાંથી

થોડું નાણું મેળવેલું; અને તે નાણું જતાં જ ઉંદર બિચારો મરી ગયો. તેની સ્મૃતિ માટે રાજાએ મૂષક વિહાર બંધાવ્યો.

તેવી જ સ્થિતિમાં રખડતા કુમારપાળને કોઈ બાઈએ કરંબો ખવરાવેલો; તેની યાદગિરી માટે જે જગ્યાએ પોતે કરંબો ખાધેલો તે જગ્યાએ કરંબવિહાર બધાવ્યો.

ખંભાતમાં જ્યાં પોતાના ગુરુ હેમચંદ્રે દીક્ષા લીધેલી તે જગ્યાએ દીક્ષાવિહાર ચણાવ્યો અને ધંધુકામાં જ્યાં આચાર્યનું જન્મસ્થાન હતું — જ્યાં તેમનું ઝૂલણું (પારણું) બંધાતું હતું તે પવિત્ર [illegible] યાદગિરી માટે રાજાએ ઝોલિકાવિહાર [illegible] વો.

[illegible] કુમારપાળે પાટણમાં, ખંભાતમાં [illegible] મોટાં ગામોમાં પણ અનેક જૈન[illegible] કેટલાક શત્રુંજય ઉપર [illegible] પણ આપણને રાજાની [illegible]

૩૫
હેમચંદ્રનું અવસાન

ગૂજરાતના સમર્થ ઉદ્ધારક તરીકે, મહાન વિદ્વાન તરીકે, રાજાના ગુરુ તરીકે અને પ્રજાના સેવક તરીકે આચાર્યે પોતાના જીવનમાં જે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી છે તે ઉપર આપણે જોઈ ગયા. હવે તો તેઓ જીવનને કાંઠે આવી પહોંચ્યા હતા.

આ છેલ્લી અવસ્થાએ તેઓ સર્વથા અંતર્મુખ રહેતા, પોતાની અંતઃશુદ્ધિ માટે જ વિશેષ તત્પર રહેતા; રાજગુરુ તરીકે જીવનમાં જે અનેક પ્રવૃત્તિઓ કરતાં જ્યાં જ્યાં દૂષિત વૃત્તિ ઉભી થએલી તેનું સંશોધન કરી તે દૂષિત સંસ્કારોનો સર્વથા નાશ કરવા મથતા.

જ્યારથી તેમના ગુરુએ તેમને ચેતવેલા ત્યારથી તેઓ જીવન-શોધન રવૈયાના અધ્યાત્મદશા અને લોકવ્યવહાર એ બન્ને નેત્રાં સાથે જ રાખતા. જેમ જેમ પ્રતિષ્ઠા વધતી ગઇ તેમ તેમ તેઓ અધ્યાત્મ બાજી જ વળેલા રહેતા. છેવટે સર્પ જેમ કાંચળીને છોડે તેમ આ નશ્વર દેહને છોડી તેઓ પરમશાંતિને પામ્યા — પોતાના જીવનમાં નેમણે જે જે સ્વપ્નો સેવેલાં તે બધાં મૂર્ત કરી તેઓ વિક્રમ સંવત ૧૨૨૯માં ૮૪ વરસની પકટ વયે પરમધામમાં મળી ગયા.

૩૬
હેમચંદ્રના શિષ્યો

આચાર્ય હેમચંદ્ર શિષ્યો કરવા લલચાયા હોય તેવો એક પણ પ્રામાણિક પ્રસંગ તેમના જીવનમાં જડતો નથી. જેઓ તેમના તરફ આકર્ષાએલા અને જેમનામાં આચાર્ય જેવી ધગશ હતી તેવા કેટલાક વિચારક યુવાનો તેમની છત્ર-છાયામાં આવીને વસ્યા. રામચંદ્ર, ગુણચંદ્ર, યશચંદ્ર, ઉદયચંદ્ર, વર્ધમાનગણી, મહેંદ્રમુનિ અને બાળચંદ્ર એ તેમના સાત શિષ્યો હોવાનો ઉલ્લેખ તેમના પ્રબંધમાં મળે છે. તેઓએ એ સાતેને ખૂબ જ કેળવેલા. રામચંદ્ર અને ગુણચંદ્ર પ્રૌઢ પંડિત હતા એ હકીકત તેમના ગ્રંથો આજે પણ ગાઈ રહ્યા છે.

ઉદયચંદ્ર મહાન વૈયાકરણ હતા; મહેંદ્રમુનિએ ગુરુએ કરેલા 'અનેકાર્થકોશ' ઉપર ટીકા રચી છે.

એમનો છેલ્લો શિષ્ય બાળચંદ્ર હતો તો બુદ્ધિમાન; પણ તેના ઈર્ષ્યાળુ અને ખટપટી હોવા વિશેની જે દંતકથા આજે ચાલે છે તે તદ્દન ખોટી તો નહિ જ હોય.

૩૭

ઉપસંહાર

આચાર્ય હેમચંદ્રના જીવનમાં અનેક કડીઓ વણાએલી છે. ગુજરાતનો ઇતિહાસ તેમના જીવનની સાથે ઓતપ્રોત છે.

ધર્મગુરુ તરીકે તેઓએ ગુજરાતને શુદ્ધ અને સાત્વિક ધર્મની શિક્ષા આપેલી છે.

રાજગુરુ તરીકે ગુજરાતના રાજા સિદ્ધરાજ અને કુમારપાળને રાજધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવેલું છે. તેમણે પોતાના સમયની પ્રજામાં જે જે નબળાઈઓ જોએલી તે બધી દૂર કરવા ઠીકઠીક પ્રયત્ન કરેલો છે, અને તે માટે 'યોગશાસ્ત્ર' વગેરે અનેક ગ્રંથો રચી પ્રજાને નિરંતર જાગતી રાખવાનું પણ તેઓ ચૂક્યા નથી.

તેઓ જૈન સંપ્રદાયના અનુયાયી હતા; છતાં તેમણે કોઈ પણ સંપ્રદાય કે તેના અનુયાયીને સાંપ્રદાયિકતાની સંકીર્ણ દૃષ્ટિથી કદી પણ દૂભવ્યો નથી; એટલું જ નહિ પણ શક્યતા પ્રમાણે સર્વધર્મનો સમન્વય કરવાની દૃષ્ટિ રાખીને તેમણે પ્રજાને વ્યાપક-ધર્મનું શિક્ષણ આપેલું છે.

રાજાને તો તેમણે સર્વધર્મસમભાવને કેળવવાની તાલીમ વારંવાર આપેલી છે. અહિંસાપ્રધાન જૈન-ધર્મને માનનારી પ્રજામાં અહિંસાની અશુદ્ધ-વિકૃત-સમજને લીધે જે જે વિકૃતિઓ આવી ગયેલી અને તેદ્વારા પ્રજાનું તેમ જ રાષ્ટ્રનું જે અનિષ્ટ થએલું તે તેમણે દૂર કરવા કદી પણ પાછી પાની નથી કરી.

આ ઉપરાંત તેમણે પોતાની પ્રતિભાના બળે ગૂજરાતને સાહિત્યનો અદ્વિતીય ખજાનો ભેટ કરેલો છે. એમના પહેલાં ગૂજરાતના કોઈ પ્રખર પંડિતે વ્યાકરણશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, છંદશાસ્ત્ર વગેરે નહિ રચેલાં. એમણે જ એ બધાંની રચના કરી છે; અને એમની એ રચનાઓથી જ ધનવંતું ગૂજરાત હમેશને માટે સાહિત્યવંતું પણ બન્યું છે.

સાંપ્રદાયિકતાના સંકીર્ણ વાતાવરણમાં રાજગુરુ થવું એ કાંઈ સાધારણ બનાવ નથી; છતાં તેમણે એ પદ પોતાનાં સંયમ, શીલ અને પ્રતિભાને બળે મેળવેલું અને જીવનપર્યંત જાળવી રાખેલું; છતાં

તેમનામાં અભિમાનનો ગંધ પણ ન હતો, અનાચાર કે સ્વચ્છંદતાનો લેશ પણ સ્પર્શ ન હતો. જ્યારે જુઓ ત્યારે તેમનામાં નમ્રતા જ જણાય. સદાચાર સંયમ અને શીલ તો તેમને રોમેરોમ ભરેલાં હતાં. રાજખટપટ એવી ચીજ છે કે તેની સાથે સંબંધ રાખનારો ભૂલથાપમાં આવ્યા વિના કે વિષયવિલાસમાં લપટાયા વિના ન જ રહે; છતાં આચાર્ય તે બાબત ખૂબ જાગતા રહેતા. કદાચ કોઈવાર એવી નબળાઈ પોતામાં આવી ગએલી આચાર્યશ્રી જોતા તો તેને તત્કાળ દૂર કરવા પ્રયત્ન કરતા; અને થઈ શકે એટલી ત્વરાથી શુદ્ધ થવાને ઉજમાળ રહેતા.

માણસ માત્ર ભૂલનું સ્થાન છે, પણ સાચા અને પૂર્ણ માણસની એ વિશેષતા છે કે તે કદી પણ એ ભૂલનો દાસ બનતો નથી. એ વિશેષતા હેમચંદ્રમાં પદે પદે નજરે આવે છે.

આપણે એમની એ જ દૈવી વિશેષતાને અનુસરવાનું લક્ષમાં રાખી આ પવિત્ર કથા પૂરી કરીએ છીએ

શ્રી હેમચંદ્રનું જીવનવૃક્ષ

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું અવસાન
(અવસાનસમય ૧૨૨૯)
(અવસાનસ્થળ–પાટણ)

આચાર્યનામ હેમચંદ્રસૂરિ
(આચાર્યપદસમય—૧૧૬૬)

બાર વર્ષ સંયમની સાધના
અને વિદ્યાધ્યયન

દીક્ષાનામ સોમદેવ, દીક્ષાસમય—૧૧૫૦
(અથવા ૧૧૫૪ માઘ શુ૦ દિ૦ ૪ શનિવાર)
[દીક્ષાસ્થાન ખંભાત અથવા કર્ણાવતી (મેરુતુંગમતે)]

પ્રવર્તિની પાહિની સાધ્વી
(અવસાન ૧૨૧૧ વિ૦ સં૦)

મૂળ નામ ચાંગદેવ
(જન્મ સમય–૧૧૪૫
કાર્તિક શુ૦ દિ૦ ૧૫)
ઈ૦ સ૦ ૧૦૮૮–૮૯ નવેંબર–ડિસેંબર

માતા પાહિની

પિતા ચાચિગ


મોઢજ્ઞાતિ (હેમચંદ્રની જ્ઞાતિ)
ધંધુકા (અમદાવાદ)
(હેમચંદ્રનું જન્મસ્થાન)
(ભાલપ્રદેશ)



આધારગ્રંથ			
ગ્રંથનામ	કર્તા	સમય	પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન
કુમારપાળ-પ્રતિબોધ	સોમપ્રભસૂરિ	તેરમો સૈકો	ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ, વડોદરા અંક ૧૪
પ્રભાવક-ચરિત	પ્રભાચંદ્રસૂરિ	ચૌદમો સૈકો (૧૩૦૬)	નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ
[illegible]	[illegible]તુંગસૂરિ	ચૌદમો સૈકો (૧૩૬૧)	સિંઘી જૈનગ્રંથમાળા, અમદાવાદ
[illegible]	[illegible]સૂરિ	પંદરમો સૈકો (૧૪૦૫)	„
[illegible]	[illegible]	[illegible]	[illegible]

આધારગ્રંથ			
ગ્રંથનામ	કર્તા	સમય	પ્રકાશક અને પ્રકાશસ્થાન
કુમારપાલ-પ્રતિબોધ	સોમપ્રભસૂરિ	તેરમો સૈકો	ગાયકવાડ્સ ઓરિએન્ટલ સીરીઝ, વડોદરા અંક ૧૪
પ્રભાવક-ચરિત	પ્રભાચંદ્રસૂરિ	ચૌદમો સૈકો (૧૩[illegible])	નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ
પ્રબંધ ચિંતામણિ	મેરુતુંગસૂરિ	ચૌદમો સૈકો (૧૩[illegible])	સિંઘી જૈનગ્રંથમાળા, અમદાવાદ
[illegible]	[illegible]	[illegible] સૈકો ([illegible])	-
[illegible]	[illegible]	[illegible]	[illegible]

આચાર્ય હેમચંદ્રે સ્પર્શેલાં વિશિષ્ટ સ્થળો



શ્રી સયાજી બાલજ્ઞાનમાળામાં

પ્રકટ થયેલાં

ઐતિહાસિક ચરિત્રો.

૧ (૧) મહારાણા પ્રતાપ. રમણલાલ વસંતલાલ
દેસાઈ એમ. એ. (૧૯૧૯–૧૯૨૨) ૦–૬–૦

૨ (૮) ઔરંગઝેબ મનસુખલાલ મોહનલાલ પોટા
બી એ. (૧૯૧૯–૧૯૨૨) ૦–૬–૦

૩ (૧૦) રણજિતસિંહ. ભરતરામ ભાનુસુખરામ મહેતા,
ઓ ટી સી. ૪ (૧૯૨૦–૧૯૨૩) ૦–૬–૦

૪ (૧૧) શ્રીહર્ષ. ભરતરામ ભાનુસુખરામ મહેતા
(૧૯૨૦–૧૯૨૨) ૦–૬–૦

૫ (૧૬) બાલ નેપોલિયન દિનકરરાય પુરુષોત્તમરાય જોષીપુરા
(૧૯૧૯–૧૯૨૫) ૦–૬–૦

૬ (૧૯) શ્રીહદ આનંદપ્રિય આત્મારામજી
બી. એ. એલએલ બી [હિન્દી] (૧૯૨૧) ૦–૮–૦

૭ (૨૪) લોર્ડ વિલિયમ બેન્ટિક. રર. હીરાલાલ
ભગવાન મણાત્રા બી. એ. એલએલ બી.
સે. ફિસીટર (૧૯૨૨) ૦–૬–૦

શ્રી સયાજી બાલજ્ઞાનમાળામાં
પ્રકટ થયેલાં
ઐતિહાસિક ચરિત્રો.

૮ (૨૫) નાના ફડનવીસ. રમણલાલ વસંતલાલ
દેસાઈ. એમ. એ. (૧૯૨૨)

૯ (૨૮) મહાદજી સિંધિયા. વામનરાવ સાસરકર
ભયા. બી. એ (૧૯૨૨)

૧૦ (૩૪) બાલ બાબર મનસુખલાલ મોહનલાલ
પોટા, બી. એ. (૧૯૨૩)

૧૧ (૪૧) વિલિયમ યુવર્ટ ગ્લેડસ્ટન સ્વ. હીરાલાલ
હરજીવન સવાણી, બી. એ., એલએલ. બી
સોલિસીટર (૧૯૨૪)

[illegible] શૂરવીર શિવાજી ભરતરામ ભાનુસુખરામ
મહેતા, બી ટી. સી. ઇ. (૧૯૨૪)

[illegible] છત્રપતિ શ્રીમાન્ શ્રી મહારાજ [illegible]
[illegible] બી. એ. [મરાઠી] (૧૯૨[illegible])

મહારાણા પ્રતાપ. પરશુરામ [illegible]
[illegible] [મરાઠી] (૧૯૨૪)

[illegible] [illegible] સ્વ. હીરાલાલ [illegible]
[illegible] બી. એ [illegible], બી.
સોલિસીટર (૧૯૨૪)

[illegible]
[illegible] (૧૯[illegible])
[illegible]
[illegible]
[illegible] (૧૯[illegible])
[illegible]

૨૦ (૯૯) अशोक. વિષ્ણુ પાંડુરંગ નેને બી. એ.
[મરાઠી] (૧૯૩૨) ૦–૬–૦

૨૧ (૯૭) આપણા મહારાજા (સચિત્ર)
ચંદ્રશંકર મ. ભટ્ટ ૦–૬–૦

૨૨ (૯૮) કોલમ્બસ (સચિત્ર)
ચંદ્રશંકર મ. ભટ્ટ (૧૯૩૩) ૦–૬–૦

૨૩ (૧૦૩) कर्ण કવિ રામરાવ માર્તંડ ભાંગુરકર (સચિત્ર)
[મરાઠી] (૧૯૩૩) ૦–૬–૦

૨૪ (૧૦૫) रामदास–કવિ રામરાવ માર્તંડ ભાંગુરકર
(સચિત્ર) [મરાઠી] (૧૯૩૩) ૦–૬–૦

૨૫ (૧૦૭) झांशीची शूर राणी लक्ष्मीबाई (સચિત્ર)
શ્રીમતી લક્ષ્મીબાઈ પ્રધાન [મરાઠી] (૧૯૩૩) ૦–૬–૦

૨૬ (૧૦૯) श्रीदत्त વિ. વા. જોશી (સચિત્ર) [મરાઠી]
(૧૯૩૩) ૦–૬–૦

૨૭ (૧૨૪) વિમળશાહ ધીરજલાલ ટોકરશી શાહ
(સચિત્ર) (૧૯૩૫) ૦–૬–૦

૨૮ (૧૩૨) વસ્તુપાળ-તેજપાળ ધીરજલાલ ટોકરશી
શાહ (સચિત્ર) (૧૯૩૫) ૦–૬–૦

૨૯ (૧૩૮) હેમચંદ્રાચાર્ય પંડિત બેચરદાસ જીવરાજ
દોશી (૧૯૩૬) ૦–૮–૦